Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬૭
તા.૦૪-૧૧-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - પુનમ
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૪ સૂર્યાસ્ત : ૦૬:૦૪

તાપમાન
ડીસા ૩૬.૪ | વડોદરા ૩૪.૮
અમદાવાદ ૩૪.૬ | સુરત ૩૬.૦
ગાંધીનગર ૩૬.૦ | નલિયા ૩૬.૧

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ભાજપ માત્ર પાંચ-દસ ઉદ્યોગપતિઓની સરકાર : રાહુલ

## સોફ્ટ હિન્દુત્વનું કાર્ડ ખેલી ભાજપને બેકફુટ પર ધકેલ્યું : પ્રચારના અંતિમ દિવસે મોદી-ભાજપને આડા હાથે લીધા : નોટબંધી, જીએસટીએ નાના દુકાનદારો, વેપારીને ખતમ કર્યા

અમદાવાદ

દક્ષિણ ગુજરાતના ત્રીજા દિવસના ચૂંટણી પ્રવાસ દરમ્યાન સુરત-વલસાડમાં કોંગ્રેસના રાહુલ ગાંધીએ લોકોની દુઃખતી નસ પકડી હતી અને કોંગ્રેસ તરફથી સહાનુભૂતિનો મલમ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર જોરદાર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, મોદી સરકારના નોટબંધી અને જીએસટીના નિર્ણયને પગલે દેશની અર્થવ્યવસ્થા તૂટી ગઇ અને નાના વેપારીઓ, દુકાનદારો,



ઉદ્યોગકારો ખતમ થઇ ગયા. દેશનો જીડીપી દર બે ટકા સુધી ઘટી ગયો. દેશમાં જો સૌથી મોટો ભ્રષ્ટાચાર આચરાયો હોય તો તે ગુજરાતમાં લોકોની જમીનો પચાવી પાડવાનો ભ્રષ્ટાચાર છે. કોંગ્રેસની સરકાર આવશે તો, જમીન અધિગ્રહણ માટે નવો કાયદો અમલમાં લાવશે. પંચાયત અને ખેડૂતોને પૂછયા વિના સરકાર ખેડૂતોની જમીન લઇ શકશે નહી. ખેડૂતો અને આદિવાસીઓની જમીનની સુરક્ષા અને અધિકારો માટે આ નવો રાષ્ટ્રીય કાયદો લાગુ કરવામાં આવશે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના અત્યાચારી અને અન્યાયી શાસનમાં આજે ગુજરાતમાં તમામ લોકો દુઃખી છે, દરેક સમાજ અને વર્ગ દુઃખી છે, કોઇ ખુશ નથી. ગુજરાતમાં દરેક સમાજ આજે આંદોલન કરવા મજબૂર બન્યો છે. કારણ કે, ભાજપે લોકોને વાયદાઓ કરી તે પાળ્યા નથી પરંતુ કોંગ્રેસ આવું નહી કરે.

### વિચાર વૈભવ...

**ઈચ્છા**

એક હાઈસ્કુલ કે અધ્યાપક કો બિના બત્તી સાયકલ ચલાને કે જુલ્મ મેં પકડકર કોર્ટમેં લાયા ગયા. જબ જજ સાહબ કો માલૂમ હુઆ કિ વે અધ્યાપક હૈં, તો વે બડે ખુશ દિખાઈ દિએ. બોલે, "મેરી આંતરિક ઈચ્છા થી કિ કિસી અધ્યાપક કો યહાં દેખૂં, આજ વહ પૂરી હુઈ."

ઔર ફિર ઉનકી મુદ્રા ગંભીર હો ગઈ. વે ચિલ્લાએઃ "ચલો, વહાં બૈઠકર પાંચ સૌ બાર લિખોઃ મૈં અબ બિના બત્તી કે સાઈકલ નહીં ચલાઉંગા."

- આર.કે.સિંહ

### સાર સમાચાર...

## હાર્દિકનું કોંગીને ૬ઠ્ઠી સુધીનું અલ્ટિમેટમ

અમદાવાદ

સુરતમાં આજે એક તરફ કોંગેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીનો રોડ-શો સહિતના પ્રચાર કાર્યક્રમો યોજાયા હતા, તો બીજીબાજુ, પાટીદાર નેતા હાર્દિક પટેલ પણ સુરત કોર્ટમાં રાજદ્રોહના કેસને લઇ હાજર થયો હતો. હાર્દિક પટેલે આજે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, પાટીદારો માટે અનામતની માંગણીને લઈ અમારી લડત ચાલુ રહેશે. ગુજરાત એ માત્ર ભાજપનું નથી. પાટીદારોની અનામત મુદ્દે કોંગ્રેસને તા.૬ઠ્ઠી નવેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપ્યું છે અને ત્યારબાદ જ અમે આગળની રણનીતિ જાહેર કરીશું. દરમ્યાન તાજેતરમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સહિત પાટીદાર સમાજની છ સંસ્થાઓના આગેવાનો દ્વારા હાર્દિક પટેલ આણિમંડળી દ્વારા જાહેરમાં કરાયેલા ખુલ્લા વિરોધ અંગે હાર્દિક પટેલે આ આગેવાનોના વિરોધને ફગાવી દીધો હતો અને જણાવ્યું હતું કે, મને કોઈ ફરક પડતો નથી, આવુ બધુ તો ચાલ્યા કરે.

### કારોબાર કરવાની બાબત સરળ બની

## દેશમાં કારોબારી માહોલમાં જોરદાર સુધારો : વડાપ્રધાન

### ફુડ પ્રોસેસિંગના સેક્ટરમાં વ્યાપક તકો : શહેરીકરણમાં તેજી અને મધ્યમવર્ગના વધારાથી ફુડ પ્રોસેસિંગમાં તેજી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવનમાં ઈન્ટરનેશનલ ફુડ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વર્લ્ડ ફુડ ઈન્ડિયા ૨૦૧૭ ત્રણ દિવસ સુધી ચાલનાર છે. આ ફુડ ફેસ્ટિવલમાં દુનિયાભરના ૭૦ દેશોથી ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજ લોકો ભાગ લઈ રહ્યા છે. ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રોકાણ વધારવાનો આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રહેલો છે. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું હતું કે, ભારતમાં કારોબારી માહોલમાં જોરદાર સુધારો થયો છે. કારોબાર કરવાની બાબત અગાઉ ક્યારે પણ એટલી સરળ ન હતી. તેમણે ઉમેર્યું હતું કે, ફુડ પ્રોસેસિંગના ક્ષેત્રમાં અભૂતપૂર્વ તકો રહેલી છે. મોદીએ કહ્યું હતું કે, ભારતમાં ફુડ ઈન્ડસ્ટ્રી ઝડપથી આગળ વધી રહી છે. મેક ઈન ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય માપદંડની બરોબરીમાં છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ફુડ ઈન્ડસ્ટ્રી માટે ભારતમાં ખુબ સારી તકો રહેલી છે. અમારી પાસે ગ્રાહકોની વિશાળ રેંજ છે. મોદીના કહેવા મુજબ ભારતમાં દરરોજ ૧૦ લાખથી વધુ લોકો રેલ યાત્રામાં ભોજન કરે છે. તેઓ ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીના સંભવિત કસ્ટમર તરીકે છે. ભારતમાં કારોબારીઓ માહોલમાં સુધારાઓનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, વર્લ્ડ બેંકની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેંકિંગમાં ભારતે જોરદાર કુદકો માર્યો છે. જીએસટીના પરિણામ સ્વરુપે ભારતમાં કરવેરા વ્યવસ્થા વધુ સરળ બની છે. ભારત દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા તરીકે છે. ફુડ પ્રોસેસિંગના ક્ષેત્રમાં સરકારના કયાસને ખેડૂતો માટે લાભદાયી બનાવવા મોદીએ કહ્યું હતું કે, ખેડૂત અમારા અન્નદાતા તરીકે છે. પ્રયાસોના કેન્દ્રમાં ખેડૂતો રહેલા છે.

## બેંક એકાઉન્ટને આધાર સાથે લિંક કરવા પર સ્ટેનો સુપ્રીમનો ઈન્કાર

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે મોબાઈલ નંબર અને બેંક એકાઉન્ટને આધાર નંબર સાથે લિંક કરવા ઉપર વચગાળાનો સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો છે. આજે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ મામલા પર નિર્ણય બંધારણીય પીઠ ઉપર છોડી દેવામાં આવ્યો છે. અલબત્ત સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, બેંક અને મોબાઈલ ટેલિકોમ કંપનીઓ ગ્રાહકોને મેસેજ મોકલીને દહેશતનું વાતાવરણ સર્જવાના પ્રયાસ ન કરે. કારણ કે, આ પ્રવૃત્તિ યોગ્ય નથી. હકીકતમાં કંપનીઓ તરફથી ગ્રાહકોને મેસેજ મોકલીને કહેવામાં આવી રહ્યું છે કે જો તેઓ આધાર સાથે લિંક કરાવશે નહીં તો તેમના એકાઉન્ટ ડિએક્ટિવેટ થઇ જશે.

### ડીસામાં બટાકાના વાવેતરનો પ્રારંભ

## છેલ્લા ત્રણ વર્ષ થી મંદી ના કારણે વાવેતર ઘટશે

### ખેડૂતોને સારા ભાવ મળવાની આશા

ભરત સુંદેશા



ડીસા

બનાસકાંઠા જિલ્લાનો ડીસા પંથક સમગ્ર ભારતમાં બટાકાના હબ તરીકે પ્રસિદ્ધ છે ત્યારે આ વર્ષે બટાકાનું વાવેતર ફરી શરૃ થઈ ગયું છે. દર વર્ષે ડીસા પંથકમાં બટાકાનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે પરંતુ છેલ્લા ત્રણ વર્ષ થી ભાવ ઓછા મળવાના કારણે આ વખતે વાવેતર ઓછું થશે. ખેડૂતોએ આ વર્ષે બટાકાનું વાવેતર શરૃ કર્યું છે અને આશા છે કે ગત વર્ષમાં જે નુકશાન થયું તે આ વર્ષે ભરપાઈ થશે અને બટાકાના સારા ભાવ મળશે. બનાસકાંઠા જિલ્લાની ડીસા નગરી સમગ્ર દેશમાં બટાકા નગરી તરીકે પ્રસિદ્ધ છે. ડીસા અને તેની આજુબાજુના પંથકમાં બટાકાનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે. સામાન્ય ઠંડીની શરૃઆત થતાંની સાથે જ ડીસા અને તેની આજુબાજુના પંથકમાં બટાકાનું વાવેતર શરૃ થઈ જાય છે. જો કે આ વર્ષે મોડે સુધી ગરમી રહી હોવાથી વાવેતર ૧૦-૧૫ દિવસ જેટલું લેટ છે. બનાસકાંઠા જિલ્લામાં ગત વર્ષે બટાકાનું ૫૫૦૦૦ હેક્ટર થી વધુ જમીન મોટા પ્રમાણમાં વાવેતર થયુ હતું અને મોટા પ્રમાણમાં તેનું ઉત્પાદન પણ થયુ હતું.જોકે ખેડતોને પૂરતા ભાવ મળ્યા ન હતા તેમજ છેલ્લા ત્રણ વર્ષથી મંદી હોવાથી ખેડૂતો,વ્યાપારીઓ અને કોલ્ડ સ્ટોરેજ સંચાલકોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે આ વર્ષે પણ ખેડૂતોએ ફરી બટાકાની વાવણી શરૃ કરી છે પરંતુ ભારે આર્થિક નુકસાનના કારણે આ વખતે વાવેતરમાં ૨૦ ટકા જેટલો ઘટાડો થશે એમ કૃષિ નિષ્ણાતો જણાવી રહ્યા છે.

હાલમાં ડીસા અને તેની આજુબાજુના વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે અને ખેડૂતોએ બટાકાની વાવણીના શ્રી ગણેશ કર્યા છે ત્યારે ખેડૂતોને આશા છે કે આ વર્ષે બટાકામાં સારી આવક થશે.

### ડીસાના બટાકા શ્રેષ્ઠ ગણાય છે

ડીસા પંથકમાં થતી બટાકાની ખેતી અત્યાધુનિક સાધનો અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવામાં આવે છે. ખેડૂતો પાક સારો થાય અને સારુ ઉત્પાદન મેળવી રહે તે માટે પૂરતા પ્રમાણમાં ખાતર અને મશીનથી બટાકાનું વાવેતર કરી સમગ્ર દેશમાં હેક્ટર દીઠ સૌથી વધુ ઉત્પાદન મેળવે છે.સાથેસાથે ડીસાના બટાકાની ગુણવત્તા લાંબો સમય સુધી ટાકવાની હોઈ ડીસાના બટાકા વિદેશ સુધી મોકલવામાં આવે છે. જોકે છેલ્લા ત્રણ વર્ષથી ડીસામાં બટાકાના ભાવ ન મળતા ખેડૂતો અને વેપારીઓને મોટું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.

## વાવમાં કાચબા પકડવા આવેલા પાંચ પકડાયા



વિષ્ણુ પરમાર

### ગ્રામજનોએ પાંચેયને પોલીસ હવાલે કર્યા

તાલુકા પ્રતિનિધિ વાવ

તા. ૩/૧૧/૧૭ ને શુક્રવારના રોજ બપોરે ૨:૩૦ કલાકે વાવ મામલતદાર કચેરી પાસે આવેલા તળાવના કિનારા પાસે ઈકો ગાડી ઉભી રાખી તળાવમાંથી કાચબા પકડતી ગેંગને ગ્રામજનોએ પોલીસને હવાલે કર્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઈકો ગાડી જી.જે. ૯ એ.જી.૬૧૭૮ ના ડ્રાયવર રાજેશભાઈ બાબુલાલ ઠાકોરના જણાવ્યા અનુસાર તેઓ ડીસા ખાતે પોતાની પ્રાઈવેટ ગાડી ચલાવવાનો ધંધો કરે છે. ત્યારે ડીસા ખાતેથી ચાર નબીરાઓએ રૂા. ૨૦૦૦/- મારી ગાડી વાવ-થરાદ ફેરવી સાંજે પરત આવવાનું ભાડુ નક્કી કરેલ ત્યારે ગતરોજ બપોરે ૨:૩૦ કલાકે આ ચાર નબીરાઓ મારી ગાડીને તળાવના કિનારા પાસે ઉભી રાખી અને તળાવ

અનુસંધાન પાના નં.૬

## શિહોરી - દુગાવાડા પાસે કારને ટ્રેઈલર ટકરાતા ચારના મોત

### એક જ પરિવારના ભાઈ-ભાભી અને બહેનના મોતથી અરેરાટી

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી- દુગાવાડા રોડ ઉપર ગાંધીધામના ચૌહાણ પરિવારને નડેલા માર્ગ અકસ્માતમાં ગાડી ચાલક સહિત પરિવારના ભાઈ, ભાભી અને બહેનનું મોત નિપજતા પંથકમાં શોકની લાગણી છવાઈ છે. દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી માહિતી મુજબ ગતરોજ ગાંધીધામનો ચૌહાણ પરિવાર રાજસ્થાનથી પ્રવાસ કરી ગાંધીધામ તરફ સ્વીફ્ટ ગાડી (નં.જીજે૧૨ જીજી૯૭૧૬) લઈ પરત ફરી રહ્યો હતો. ત્યારે કાંકરેજ

વિજય સિલ્વા



તાલુકાના મુખ્ય મથક શિહોરી દુગાવાડા પાસે શિહોરી તરફથી પાઈપો ભરી આવી રહેલ ટ્રેઈલર (નં.આરજેર૩ર જીબી ૫૦૭૩) ના ડ્રાયવરે અચાનક સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા ટ્રેઈલર પોતાની સાઈડ છોડી સામેની સાઈડમાં જતી સ્વીફ્ટ ગાડીને ધડાકાભેર અથડાતા સ્વીફ્ટ ગાડીમાં સવાર ગીરીશભાઈ નારણભાઈ ચૌહાણ (ઉ.વ.૫૨) ગાંધીધામ, ઈસ્મીતાબેન ગીરીશભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) રહે. ગાંધીધામ અને જયંતિભાઈ પ્રજાપતિ ગાડી ચાલક (રહે. કમાલપુર - રાધનપુર) નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે મીનાબેન પ્રવિણભાઈ ચૌહાણ રહે. ગાંધીધામ (ઉ.વ.૫૨) નું પાટણ ખાતે સારવાર દરમ્યાન મોત થયેલ. તેમના પતિ પ્રવિણભાઈ નાથાભાઈ ચૌહાણને ઈજા થતા પાટણ સારવાર અર્થે ખસેડવામાં આવેલ. આમ આ અકસ્માતમાં ભાઈ બહેન અને ભાભીનું કરૂણ મોત થતા ગમગીની છવાઈ હતી. આ ઘટનાની જાણ થતા કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ ઘટનાસ્થળે પહોંચી ગયેલ અને અકસ્માત ગ્રસ્તોને શિહોરી રેફરલ ખાતે લવાયેલ તથા શિહોરી રેફરલના ડૉ.ચૌધરીએ ત્રણ લાશોનું પી.એમ. કરી તેમના વાલી વારસોને સોંપેલ. આ બાબતે શિહોરી પોલીસે અકસ્માત ગુનો દાખલ કરી આગળની તપાસ પોલીસ ચલાવી રહી છે.

## દાંતીવાડા કેનાલમાં બાઈક સવાર બે યુવાનો ખાબક્યા



સંજય જોષી

પાલનપુર

દાંતીવાડા ડેમમાંથી નીકળતી મુખ્ય કેનાલ ની બાજુમાં આવેલ સિંગલ પટ્ટી રોડ પર બાઈક સ્લીપ થતા બાઈક સાથે બે યુવાનો કેનાલમાં ખાબકતા દોડધામ મચી ગઈ હતી. દાંતીવાડા ડેમમાંથી નીકળતી મુખ્ય કેનાલની બાજુ માં આવેલ સિંગલ પટ્ટી રોડ અને કેનાલ વચ્ચે કવરિંગ દીવાલ હોત તો આ અનિચ્છનીય ઘટના ટાળી શકાઈ હોત તેવું ચર્ચાસ્પદ બન્યું હતું. દાંતીવાડા ડેમમાંથી નીકળતી મુખ્ય કેનાલની બાજુમાં સિંગલ પટ્ટી રોડ આવેલો છે તેમજ રોડ અને કેનાલ વચ્ચે કોઈ કવરિંગ દીવાલ નથી જેના કારણે અનેક વાર પશુઓ તેમજ બાઈક ચાલકો કેનાલમાં ખાબકવાના કિસ્સાઓ બનતા હોય છે. ત્યારે આજરોજ પણ આવો કિસ્સો બનેલ જેમાં નાંદોત્રા ગામ ની બાજુમાં થી નીકળતી કેનાલ રોડ પર બાઈક સ્લીપ

અનુસંધાન પાના નં.૬


નૂતન વર્ષાભિનંદન



જયેશ આર. દેસાઈ
સામાજીક અગ્રણી
મંત્રી, ભારત વિકાસ પરિષદ - ડીસા
પ્રમુખ, આદર્શ પ્રા.શાળા ડીસા વાલી મંડળ
પ્રમુખ, નરેન્દ્ર મોદી વિચાર મંચ - ડીસા શહેર


### શ્રદ્ધાંજલી



સ્વ.જોસનાબેન અશોકકુમાર શેઠ
સ્વ.તા.૨૯-૧૦-૨૦૧૭ (દીઓદર)

અમર કાયા નથી કોઈ દિન રાખ થઈ જાય છે.જનારા તો જતા રહે છે. પણ સંભારણા મુકી જાય છે. એમની સુખદ યાદોમાં હસીયે તોય આસુડાં વહી જાય છે.રહીને મન અમારૂ આટલું કહી જાય છે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
બાબુભાઈ વી.માળી (પૂર્વ સરપંચ,સરદારપુરા(ર.)
ગંગાબેન વી.માળી (ઉપપ્રમુખ,દી.તા.ભાજપ)
હિરાભાઈ વી.માળી

### બેસણું



સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ પંચાલ
સ્વ.તા. ૩૧/૧૦/૨૦૧૭

મારા ધર્મપત્ની **સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ પંચાલનું** દુઃખદ અવસાન તા. ૩૧/૧૦/૧૭ ને મંગળવારના રોજ અમદાવાદ ખાતે થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૃ. સદ્‌ગતનું બેસણું તા. ૫/૧૧/૧૭ ને રવિવારના રોજ રાખેલ છે

સમય - સવારે ૧૦ થી ૧૨-૩૦ સુધી
સ્થળ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજનવાડી રામનગર સોસાયટી ડૉ. નગીનભાઈ પટેલના દવાખાનાની સામે, ગલીમાં, ગાયત્રી મંદિર રોડ-હાઈવે, ડીસા
મો. ૯૮૨૪૯ ૩૦૧૦૧

લિ.
મહેન્દ્રભાઈ અમૃતલાલ પંચાલ (પતિ) (એ.ડી.કાકા પંચાલના પુત્ર)
રવિ મહેન્દ્રભાઈ પંચાલ (પુત્ર)
પાર્થ મહેન્દ્રભાઈ પંચાલ (પુત્ર)

**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૦૪**

## તિથિદર્શન
કારતક સુદ-૧૫ શનિવાર ૨૦૭૪

૮ શ. | ૬ શુ.મં. | ૯ | ૭ સુ.લ.બુ.ગુ. | ૫ | ૧૦ કે. | ૪ રા. | ૧૧ . | ૧ચં | ૩ | ૧૨ | ૨

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :પુનમ શનિવાર દેવ દિવાળી નક્ષત્ર:ભરણી રાત્રે ૧.૦૬ પછી કુંભ યોગ : સિદ્ધિ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

### પૂરોત્પીડે તડાગસ્ય પરિવાહ: પ્રતિક્રિયા શોક ક્ષોભે ચ હૃદયં પ્રલોપૈરેવ ધાર્યતે

'પાણીનાં પૂર આવ્યાં હોય ત્યારે તળાવ, સરોવર કે ડેમ જ્યારે ફાટું ફાટું થતાં હોય ત્યારે તેમાંથી થોડું પાણી વહેવડાવી દેવું જોઈએ. એ જ તળાવ- સરોવર - ડેમ તૂટવાથી નુકસાનથી અટકાવવાનો ઈલાજ છે. તેવી જ રીતે હૃદય જયારે દુઃખ આઘાત કે શોકથી સંતપ્ત હોય અને ખૂબ જ ક્ષોભ દુઃખ પામ્યું હોય ત્યારે તેને પ્રલોપો દ્વારા મુક્ત રીતે રડાવીને જ તેના આઘાતને હળવો કરી એમાંથી તેને ઉગારી લેવું એ જ સાચો ઉપાય છે.' અત્યારે ચોમાસાની સિઝનમાં તળાવ- ડેમ ફાટવાના બનાવો આપણને અવાર-નવાર વાંચવા મળે છે, સાથે સાથે દરવાજા ખોલી અમુક ફૂટથી પાણી છોડવામાં આવે છે. તેથી કાંઠાઓ પર આવતું પાણીનું દબાણ ઓછું થાય છે. જ્યારે કોઈ સ્ત્રી- પુરુષને અચાનક આઘાતજનક કોઈ સમાચાર મળે તો એ રડી નથી શકતા અને આઘાતમાં મૂઢ- સૂનમૂન થઈ જાય છે. તેથી તેના હૃદય અને મન પર અસર થાય, ગાંડપણ કે સ્તબ્ધ થઈ મૌન થઈ જાય. આવી પરિસ્થિતિમાં તેને રડાવવા જોઈએ. અમુક જ્ઞાતિઓમાં તો આવી 'રુદાલી' સ્ત્રીઓ જ હોય જે કોઈના મૃત્યુ વખતે તેમનાં નજીકનાં સંબંધીને રડાવવા માટે ધંધાદારી રીતે જતી હોય છે.

## આપની આજ
**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.)પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.**
**વૃષભ : (બ.વ.ઉ.) કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.**
**મિથુન : (ક.છ.ઘ.)મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાથ થાય.**
**કર્ક : (ડ.હ.) )આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.**
**સિંહ : (મ.ટ.) અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.**
**તુલા : (ર.ત.) સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.**
**વૃશ્ચિક :(ન.ય.)વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.**
**ધન : (ભ.ફ.ધ.)મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.**
**મકર : (ખ.જ.)કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.) ચિંતાનો ઉકેલ મળે. બુદ્ધિ અને ચતુરાઇથી આયોજન પાર પાડી શકશો.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.**

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

સ્વતંત્ર ભારતની સંગીત-નાટક, અકાદમીના સભ્ય, રાજયસભાના માનનીય સભ્ય, પ્રથમ ફિલ્મી અભિનેતા,દિર્ગ્શક અને નિર્માતા શ્રી પૃથ્વીરાજ કપૂરની જન્મજયંતી છે. એમનો જન્મ પેશાવરમાં ૩-૧૧-૧૯૦૬ના રોજ થયો હતો. અર્ધીસદી સુધી ફિલ્મજગત પર છવાઈ જનાર શ્રી પૃથ્વીરાજ કપુરને ૧૯૬૯માં 'પદ્મભૂષણ' એવોર્ડ આપીને સન્માનવામાં આવ્યા હતા. એક ચરિત્ર અભિનેતા તરીકે તેમની ખ્યાતિ આખા દેશમાં પ્રસરી હતી. 'પૃથ્વી થિયેટર્સ' ની સ્થાપના કરી એમણે આદર્શ નાટકો આપ્યા. ૧૯૬૬માં તેમને ઝેકોસ્લોવાકિયાની રાષ્ટ્રીય સંગીત-નાટક અકાદમીનો એવોર્ડ પણ મળેલો. તા.૨૮-૫-૧૯૭૨ ના રોજ આ મહાન કલાકારનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ દ્વારા
# ઉપલાબંધ ખાતે આદિવાસી છાત્રો વચ્ચે દિવાળીની ઉજવણી કરાઈ


સંજય જોષી

પાલનપુર

ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવીસ બ્રહ્મ સમાજ યુવા ગ્રુપ પાલનપુર દ્વારા આદિવાસી છાત્રો વચ્ચે જઈ દીપાવલી પર્વની અનેરી ઉજવણી કરાઈ હતી.

અમીરગઢ તાલુકાના ઉપલાબંધ ગામમાં લીબાફળી પેટાવર્ગ સ્કૂલ ચાલે છે. જેમાં આદિવાસી સમુદાયના ૬૦ છાત્રો અભ્યાસ કરે છે. પદ્મભાઈ લાલાભાઈ ભગોરાના મકાનમાં ચાલતી શાળા માં ૩૦ કન્યાઓ અને ૩૦ કુમાર છાત્રો અભ્યાસ કરે છે. જે શાળામાં પટેલ વિનોદકુમાર કાલિદાસ અને બ્રાહ્મણ માંગીલાલ ભીખાભાઈ નામના બે શિક્ષકો ફરજ બજાવે છે.

આવો અંતરિયાળ વિસ્તાર કે જ્યાં પગપાળા જતા પણ ભારે તકલીફોનો સામનો કરવો પડે છે. જ્યાં પાલનપુર ૨૭ ઔદીચ્ય બ્રહ્મ સમાજ યુવા ગ્રુપના યુવાનો પહોંચી ગયા હતા. જ્યાં તેઓએ આદિવાસી બાળકો વચ્ચે તેઓને મીઠાઈ આપી દીપાવલીની ખરા અર્થમાં ઉજવણી કરી હતી. જેના પગલે આદિવાસી છાત્રોના ચહેરા ખીલી ઉઠ્યા હતા. આ કાર્યક્રમમાં યુવા ગ્રુપના હરેંદ્ર એન.જોશી, એડવોકેટ ભાવેશ રાવલ, વિજય રાવલ, ભાવેશ શાસ્ત્રી અને કેતન જોશી હાજર રહ્યા હતા.

# ભીલડીના સમાજસેવીનું સન્માન


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

જેમનો જીવનમંત્ર સેવા પરમોધર્મ છે અને જેઓ સમગ્ર માનવજાતને પોતાનું પરિજન સમજે છે એવા સમાજસેવક જામનદાસ ચેલારામ મુલાણીનું ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળની રજતજયંતિ ઉજવણી પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે તા. ૧૫/૧૦/૨૦૧૭ ને રવિવારના રોજ શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમની સેવાની સુવાસ સમગ્ર મહેશ્વરી સમાજ અને અન્ય સમાજના વડીલો, યુવાનો અને બાળકોમાં પ્રસરાયેલી જોવા મળે છે. રોટરી ભીલડીના પ્રમુખ પદે તેઓ વર્ષોથી સેવા બજાવે છે. વૃક્ષારોપણ, બ્લડબેંક, સ્વચ્છતા અભિયાન, ગૌશાળા તેમજ પાણીની પરબોના નિર્માણમાં તેઓ હંમેશા સમર્પિત જીવન જીવે છે.

આ સન્માન પ્રસંગે ભીલડી નાગરિક શરાફી મંડળીના ચેરમેન માનસુંગભાઈ કે. ચૌધરી, ભીલડી નવીન માજી.સરપંચ કાંતિભાઈ કે. માળી, જુની ભીલડી સરપંચ મનુભાઈ, બનાસબેંકના ચેરમેન, બનાસકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ દાનસંગભાઈ ચૌધરી તેમજ બહોળી સંખ્યામાં ભીલડી અને આજુબાજુના લોકો ઉપસ્થિત રહી મુલાણીને અભિનંદન આપ્યા હતા.

# ૫૦૦-૧૦૦૦ની જૂની નોટો રાખનારા લોકો પર સરકાર કાર્યવાહી નહીં કરે

(જી.એન.એસ) ન્યુ દિલ્હી

નોટબંધી મામલામાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નોટબંધીની બંધારણીય માન્યતાનો મામલો બેંચ સમક્ષ વિલંબિત છે. આ સંજોગોમાં તમામ અરજીકર્તાઓ બંધારણીય બેંચ સમક્ષ જ અરજી દાખલ કરે. કેન્દ્રએ કહ્યું કે જૂની નોટો જમા કરાવવાની માંગ કરનારા ૧૪ અરજીકર્તા સામે જૂની નોટો રાખવાને લઈ સરકાર કોઈપણ ક્રિમીનલ કાર્યવાહી નહીં કરે.

હવે જૂની ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટ જમા કરાવવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ સુનાવણી કરશે. ઉલ્લેખનીય છે કે સુધા મિશ્રાએ અરજી દાખલ કરી હતી કે, જે લોકો જૂની નોટો જમા નથી કરાવી શક્યા તેમના માટે સુપ્રીમ કોર્ટ ડાયરેક્શન બહાર પાડે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ચાલુ વર્ષે બહાર પાડવામાં આવેલા ડેટા મુજબ, બંધ કરવામાં આવેલી ૯૯% જૂની નોટો બેંકમાં જમા થઈ છે. નોટબંધી વખતે સરકારે બ્લેકમની પર નિયંત્રણ લાવવા આ પગલું ભર્યું હોવાનું કહ્યું હતું, પરંતુ આરબીઆઈના ડેટા બાદ વિરોધ પક્ષે સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. ઉપરાંત ૮ નવેમ્બરને વિરોધ પક્ષોએ બ્લેક ડે તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

દેશમાં કોઈપણ પ્રકારનો ટેક્નિકલ કોર્સ કોરસ્પોન્ડેન્સ મોડથી નહીં થાય તેમે શુક્રવારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. ઓડિશા હાઈકોર્ટના ફેંસલાને નકારતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટેક્નિકલ એજ્યુકેશન કોરસ્પોન્ડેસ દ્વારા આપી શકાય નહીં. આ પહેલા ઓડિશા હાઈકોર્ટે ટેક્નિકલ કોર્સને કોરસ્પોન્ડેન્સ મોડથી કરાવવાની મંજરી આપી હતી. એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, ફાર્મસી, મેડિકલ સહિત અનેક કોર્સને ટેક્નિકલ કોર્સ કહેવાય છે અને તેમના કોરસ્પોન્ડેન્સ મોડ પર રોક લગાવી દેવામાં આવી છે.

# ખીંમત ખાતે કોંગ્રેસ અગ્રણીનું સ્વાગત કરાયુ



ડીસા

તા. ૨/૧૧/૨૦૧૭ ના રોજ ધાનેરા તાલુકાના ખીંમત ગામે શ્રી બહાદુરસિંહ ડી.વાઘેલાનું તેમની પુર અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માટેની લડત લડવા બદલ ઉમળકાભેર સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત લોકોએ આવનારી ડીસા વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવા સમર્થન આપ્યુ હતું. જન સેવા એ જ પ્રભુસેવામાં માનતા બહાદુરસિંહ ડી.વાઘેલા ઉપર ડીસા તાલુકાના ગામે ગામથી આગામી વિધાનસભાની ચૂંટણી લડવા દબાણ થઈ રહ્યુ છે. તેમની પુર અસરગ્રસ્ત ખેડૂતો, વેપારીઓ, ખેતમજૂરો અને પશુ પાલકોને ન્યાય અપાવવા માટેની લડત, બટાકાના ટેકાના ભાવ માટેની સફળ લડત અને પુર અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માટેની લડતને ઐતિહાસિક જનસમર્થન મળી રહ્યુ છે. તેમના દ્વારા સરકાર ઉપર કરાયેલા દબાણને કારણે સરકારને બટાકા ઉપર સબસીડી જાહેર કરવી પડી છે. અને જિલ્લામાં પુર અસરગ્રસ્તોની સહાયની કામગીરી પણ ઝડપી બની છે તે બદલ સમસ્ત જિલ્લાની જનતા બહાદુરસિંહ ડી.વાઘેલાની કામગીરી ને બિરદાવી રહી છે.

## ચૂંટણી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ની જાહેરાતની તારીખથી ચૂંટણીલક્ષી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે જિલ્લા કક્ષાએ ફરીયાદ પર દેખરેખ નિયંત્રણ માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ અને કોલ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૭૪૨ તેમજ હેલ્પલાઇન નંબર ૦૨૭૪૨-૨૫૧૭૯૨ છે.

ચૂંટણીલક્ષી ફરીયાદો આ નંબર પર કરી શકાશે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર ધ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## પદમાવતી ફિલ્મના મુદ્દે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રીય ચૂંટણી પંચનું માર્ગદર્શન લેશે

ગાંધીનગર

ભારતીય જનતાપાર્ટી દ્વારા બે દિવસ અગાઉ પદમાવતી ફિલ્મને ગુજરાતમાં રીલીઝ કરવાના મુદ્દે એક રજુઆત કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે ગુજરાતમાં વિધાન સભાની ચૂંટણીઓનો માહોલ હાલ ચાલી રહ્યો છે. ત્યારે પદમાવતી ફિલ્મમાં ઈતિહાસને તરોડી - મરોડીને અલ્લાઉદીન ખીલજી સાથે જોડી રજુ કરાયેલ વિગતોને પરિણામે રાજપુત - ક્ષત્રિય સમાજની લાગણી દુભાઈ રહી છે. ત્યારે આ અંગે સમાજના આગેવાનો દ્વારા ભારતીય જનતા પાર્ટી સમક્ષ લેખીત - મૌખીક રજુઆતો કરવામાં આવી હતી. જેને લઈને ૧ - નવેમ્બરે ભાજપ દ્વારા આ અંગે ચૂંટણી પંચ સમક્ષ લેખીત રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે મુખ્ય ચૂંટણી કમિશ્નર બી.બી.સ્વૈને આ અંગેનું માર્ગદર્શન મેળવવા કેન્દ્ર ચૂંટણી કમીશન સમક્ષ ગયા છે. આ અંગેનો નિર્ણય આપતા પદમાવતી ફિલ્મની રજૂઆત સંદર્ભે ફેંસલો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પદમાવતી ફિલ્મમાં દર્શાવિલા ઈતિહાસના કારણે આ ફિલ્મનો વિરોધ રાજપૂત સમાજ દ્વારા ઠેર ઠેર કરવામાં આવી રહ્યો છે. ત્યારે ભાજપ દ્વારા ગુજરાત ઈલેક્શન કમિશનમાં ફરિયાદ કરતાં પ્રાથમીક તબક્કે આ ફિલ્મ આચાર સંહિતામાં અટકાવવાનો કેસ આવતો નથી. પરંતુ ઈલેક્શન કમિશન માટે આ એક નવા પ્રકારનો કેસ હોવાથી રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રીય ચૂંટણી કમીશનનું માર્ગદર્શન મેળવી પોતાનો નિર્ણય જાહેર કરશે. એટલે કે આ મુદ્દાને લઈને હાલ કેન્દ્રીય ચૂંટણી કમીશન પાસે રાજ્ય ચૂંટણી પંચે માર્ગદર્શન માગ્યુ હોવાના અહેવાલ છે.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

**નામ :** ______________________ **ઉંમર** ________
**સરનામું :** ______________________ **ગામ** ________
**વ્યવસાય :** ______________________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ..............................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ..............................

**(3) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ..............................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઇએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઇએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઇએ ? ☐
ડ. ..............................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)............ | (૧)............ |
| (૨)............ | (૨)............ |
| (૩)............ | (૩)............ |
| (૪)............ | (૪)............ |
| (૫)............ | (૫)............ |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# ડીસા આખોલ ખાતે જિલ્લા ક્ષત્રિય જાગીરદાર સમાજનું સ્નેહ મિલન યોજાશે

ડીસા

બનાસકાંઠા જિલ્લા ક્ષત્રિય જાગીરદાર સમાજ દ્વારા તા.૫/૧૧/૨૦૧૭ ના રોજ સવારે ૯.૧૫ કલાકે ડીસાના આખોલ ગામે ડીસા - થરાદ હાઈવે રોડ પર સ્નેહમિલન રાખેલ છે જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય જાગીરદાર પરિવારના દરેક ક્ષત્રિય બંધુઓને પધારવા અનુરોધ કરાયો છે. આ પ્રસંગે સંત શિરોમણી પરમ પૂજ્ય દોલતરામ મહારાજ (નોરતા) સંતશ્રી સુખદેવાનંદજી મહારાજ, સાધ્વીજીશ્રી હંસુબા, યોગવેદાંત આશ્રમ, ભાલુસણા ઉપસ્થિત રહી આશિવર્ચન પાઠવશે જ્યારે સમારંભના અધ્યક્ષ તરીકે બહાદુરસિંહ ડી.વાઘેલા - (ભડથ) (અધ્યક્ષ અખિલ ભારતીય ક્ષત્રિય મંચ, ગુજરાત પ્રદેશ) ઉપસ્થિત રહેશે.

# રાજ્યમાં ૧૭ મામલતદારોની બદલી

ગાંધીનગર

ચૂંટણી લક્ષી કામગીરીના સંદભે રાજ્યના ૧૭ જેટલા મામલતદારોની સાગમટે બદલી કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા સરકાર ના સામાન્ય વહીવટ વિભાગને સુચના આપતા તંત્ર દ્વારા ૧૭ જેટલા મામલતદાર ની બદલી ઓર્ડર કારવામાં આવ્યા છે.

## આજથી બાપુના વસંતવગડે જનવિકલ્પની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા શરૂ થશે

(જી.એન.એસ) ગાંધીનગર

જનવિકલ્પ પાર્ટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જનવિક્લપની પ્રદેશ કારોબારી પાર્ટીના કેપ્ટન શ્રી શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં ૪ નવેમ્બરના રોજ તેમના ગાંધીનગર ખાતેના નિવાસ સ્થાન વસંતવગડોમાં મ ળશે.

તેમણે એમ પણ કહ્યુ કે વિધાનસભાની ચુંટણીમાં જનવિકલ્પ પાર્ટીના ઉમેદવારો પસંદ કરવાની પ્રક્રિયાપણ ૪ નવેમ્બરથી વસંતવગડો ખાતે શરૂ થશે. ૪ નવેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાકે કચ્છ જિલ્લાની બઠેકોની ચર્ચા થશે. એ જ દિવસે સાજે ૪.૦૦ વાગે સુરેન્દ્રનગર, મારેબી અને રાજકોટ જિલ્લાની બેઠકોના ઉમેદવારોની પસંદગી થશે. તેમણે એમ પણ કહ્યું કે ૫ નવેમ્બરના રોજ બપોરે ૨.૦૦ વાગે જામનગર,દેવભૂમિ દ્વારકા જિલ્લાની બેઠકો હાથ ધરાશે. સાંજે ૪.૦૦ વાગે પોરબંદર, જુનાગઢ અને ગિરસોમનાથની બેઠકો હાથ ધરાશે. ૬ નવેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાકે અમરેલી, ભાવનગર, બોટાદ અને સાંજે ૪.૦૦ વાગે નર્મદા તથા ભરૂચ જિલ્લાની બેઠકો હાથ ધરાશે. ૭ નવેમ્બરના રોજ બપોરે ૨.૦૦ વાગે સુરત જિલ્લો, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લાની બેઠકો ચર્ચાયા બાદ સાંજ ૪.૦૦ વાગે સુરત શહેરની બેઠકો હાથ પર લેવાશે. ૪ નવેમ્બરથી ૭ નવેમ્બર દરમ્યાન જન વિકલ્પના ઉમેદવારો પસંદ થઈ જશે.

### રાહુલ સાથે બેઠક બાદ જીગ્નેશ મેવાણીનો હુંકાર
# રાજ્યના લોકો ભાજપને આ વખતે બોધપાઠ ભણાવી દેશે



અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજયા બાદ દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીએ સાફ શબ્દોમાં ભાજપ પર બહુ આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ સાથેની તેમની આ બેઠક ઘણી સકારાત્મક રહી છે. કોંગ્રેસે તેમને મળવા બોલાવ્યા અને હકારાત્મક અભિગમ તો દાખવ્યો , જયારે ભાજપ તો દલિતોને(અમને) મળવા સુધ્ધાં તૈયારી દાખવી નથી. ભાજપનો આ ઘમંડ આ વખતની ચૂંટણીમાં ગુજરાતના દલિતો સહિત સાડા છ કરોડ જનતા ચકનાચૂર કરી નાંખશે. ભાજપને પાડી દેવા જે કંઈ કરવુ પડે તે અમે કરીશું એવો જોરદાર હુંકાર પણ મેવાણીએ કર્યો હતો. બેઠક પૂર્ણ થયા બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકાર ગુજરાતના તમામ વર્ગ અને લોકોને સાથે લઈને ચાલનારી સરકાર હશે અને લોકોના મનની વાત સાંભળીને કોંગ્રેસ સરકાર ચલાવશે. કોંગ્રેસે તેમને બેઠક યોજવા મળવા બોલાવ્યા તે બદલ કોંગ્રેસના સરારાત્મક અને મળતાવડા વલણની પ્રશંસા કરતાં મેવાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, ઉનાકાંડની દલિતો પરની અત્યાચારની શરમજનક ઘટના બાદ અમે કેટલા આંદોલન કર્યા, કેટલા આવેદનપત્ર આપ્યા અને રજૂઆતો કરી પરંતુ ભાજપ સરકારનો એટલો બધો અહંકાર અને ઘમંડ છે કે, અમારી માંગણીઓ પર વિચારણા કરવાની વાત તો બાજુ પર રહી આજિદન સુધી અમારા દલિત નેતાઓ સાથે બેઠક સુધ્ધાં કરી નથી. આટલી અહંકારી અને ઘમંડી છે ભાજપ સરકાર પરંતુ આ વખતની ચૂંટણીમાં દલિતો અને ગુજરાતની સાડા છ કરોડની જનતા ભાજપનો ઘમંડ ચકનાચૂર કરશે. કોંગ્રેસે અમારી ૧૭ માંગણીઓ પૈકી ૯૦ ટકા સ્વીકારી લીધી છે અને તે અમારો અધિકાર હોવાનું ગણાવ્યું છે આટલો છે ભાજપ અને કોંગ્રેસમાં ફરક. હજુ કેટલાક મુદ્દા પર અમે અમારી દલિત સંસ્થાઓ, દલિત સંગઠનોને સાથે રાખી આગળ વધવા અને બેઠક યોજવા રાહુલજીને અનુરોધ કર્યો છે. બીજી બેઠકમાં થનારી ચર્ચા અને નિર્ણય બાદ આગળની રણનીતિ કે અમારું વલણ અમે સ્પષ્ટ કરીશું.

# નિકલડિયોન સાથે આ ચિલ્ડ્રન્સ ડે વધુ રસપ્રદ બનશે !




બાળકની મનોરંજનની જગ્યા, નિકલડિયોનમાં ફ્ન્ટ-રનર, આ ચિલ્ડ્રન્સ ડે સાથે જીતીને સ્પર્ધાની સાથે રસ"દ કરે છે - iWatch, iParticipate and iWin' on Nick and 'I am on Tv' on Sonic. સોનિક નિકલડિયોન પર બધા બાળકોને, સોમ થી શુક્ર ૭:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધીમાં સરળ "શ્નોના જવાબ આપવાનું રહેશે, અને તેઓ આઈફોન જીતવાની તક આપિ રહ્યાં છે. સોમ થી શુક્ર ૫:૦૦ થી ૬:૩૦ કલાકે, ટીવી પર તમારા એનિમેટેડ અવતારને જોવાનું એક વિશિષ્ટ તક છે! નિકોલોડિઓના તહેવારની ઉજવણીના મોસમથી બાળકો ખરેખર ખુશ છે.

## તંત્રી સ્થાનેથી ...

### સાચી મહેનત વગર કોઈપણ વ્યક્તિમાં મહાન વ્યક્તિત્વ પેદા થઈ શકતું નથી...

ચૂંટણીને ધ્યાનમાં લઈને

# જીએસટી દર હળવા કરવાનો સરકારનો નિર્ધાર

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આવી રહેલી ચૂંટણીઓમાં જીએસટીથી નારાજ વેપારીઓ ચૂંટણી રિઝલ્ટ બગાડી શકે છે. જેથી હવે કેન્દ્ર સરકારે ઈલેકશનને ધ્યાનમાં લઈ જીએસટીમાં સુધારો કરવાની હૈયાધારણા આપી છે. એક હકીકત છે કે જ્યારથી સરકારે જીએસટીનો કાયદો અખત્યાર કર્યો ત્યારથી દેશભરના વેપારીઓ સરકારથી નારાજ છે, શરૂઆતમાં સોનાચાંદીના વેપારીઓએ હડતાલ પાડી અને રેલીઓ યોજી છતાં સરકારે ધ્યાન ન આપ્યું. બાદમાં નાના- મોટા વેપારીઓ પણ ધરણા ઉપર ઉતર્યા તેમ છતાં સરકારે આ બાબતે કોઈ હરફ ઉચ્ચાર્યો ન હતો. નોટબંધી અને જીએસટીની કોઈ જરૂર જ ન હતી. તેવું કેટલાક અર્થશાસ્ત્રીઓનું માનવું છે. પરંતુ વર્તમાન સરકાર જે તે નિર્ણયો લે છે તે માત્રને માત્ર મનઘડત રીતે લે છે ત્યારે હવે ચૂંટણી નજીક આવી છે એટલે જીએસટીના દરોમાં રાહત આપવાની વાત દોહરાવી છે. તેનાથી ચૂંટણીમાં કેટલો ફાયદો થશે તે તો રામ જાણે પરંતુ આ વખતની ચૂંટણી તમામ પક્ષો માટે લોઢાના ચણા ચાવવા બરાબર સાબિત થઈને રહેશે તેવું જણાય છે.

તાજેતરમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નાણામંત્રી અરૂણ જેટલીની મુલાકાત લઈ તેમની તેમને વેપારીઓની સમસ્યાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વેપારીઓની સમસ્યાની માહિતી મેળવી જેટલીએ જીએસટીમાં કેટલીક હળવાશ લાવવાની વાત જણાવી છે.

એક વાત સાચી છે કે જીએસટીનો અમલ થયો ત્યારથી જ દેશના વેપારીઓ માટે જુદી જુદી તકલીફો ઉભી થઈ રહી છે. અગાઉ જીએસટી પોર્ટલ ઠપ થઈ જવાથી વેપારીઓ રિટર્ન ફાઈલ તૈયાર કરી શકતા ન હતા અને આ ઉપરાંત વારંવાર જીએસટીના રિટર્ન ફાઈલ કરવામાં જ મોટાભાગનો સમય વેડફાઈ રહ્યો છે. સાથે સાથે સરકાર દ્વારા જીએસટી પર લેટ ફી પેનલ્ટી વસુલ કરવામાં આવતા વેપારીઓમાં નારાજગી પ્રવર્તી રહી છે. આ ધાંધીયા સામે ગુજરાત સેલ્સ ટેક્સ બાર. એસો. દ્વારા વચમાં એક આંદોલન પણ છેડવામાં આવ્યું હતું. જેમાં જીએસટીની એક પોલ ખુલી ગઈ હતી. સદર આંદોલનથી સરકાર હવે વેપારીઓનો મુડ પારખી ગઈ છે. એટલે સામી ચૂંટણીએ વેપારીઓની નારાજગી વહોરવાને બદલે જીએસટીમાં થોડી હળવાશ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. જેથી આગામી ચૂંટણીમાં કોઈપણ જાતનો વિક્ષેપ ન પડે.

વર્તમાન સંજોગોમાં સરકારે એવી હૈયાધારણા આપી છે કે આગામી જીએસટી કાઉન્સિલની બેઠકમાં વેપારીઓને દર મહિનાને બદલે ક્વાર્ટરલી જીએસટી રિટર્ન ભરવાની સુવિધા કરી આપવામાં આવશે. સાથે સાથે જીએસટી પર કોઈ પેનલ્ટી લેવાશે નહિં અને જે પેનલ્ટી લેવામાં આવી છે તે રિફંડ કરવામાં આવશે. જીએસટીના અમલ પહેલાંની ગુજરાતમાં વેટની રિફંડની ૯૦૦ જેટલી ફાઈલો પેન્ડીંગ હતી. જેને લઈને વેપારીઓને પોતાનું રિફંડ મેળવવામાં જે મુશ્કેલીઓ પડતી હતી તે હવે રહેશે નહિં, આ બાબતે ચેમ્બર દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

## શાઓમી દ્વારા રૂ. ૬૯૯૯થી શરૂ થતી નવી રેડમી વાય સિરીઝ ભારતમાં રજૂ કરાઈ



વૈશ્વિક ટેકનોલોજી આગેવાન શાઓમી દ્વારા આજે રેડમી વાય૧ અને રેડમી વાય૧ લાઈટ સાથે લોકોની જીવનશૈલી આસપાસ તૈયાર કરાયેલી નવી સ્માર્ટફોન સિરીઝ રજૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. રેડમી વાય સિરીઝ રોજબરોજનો નિત્યક્રમ અને જીવનશૈલીને પૂરક અને બહેતર બનાવી શકે તેવા સ્માર્ટફોનની જરૂર ધરાવતા લોકો માટે તૈયાર કરાઈ છે. એમઆઈયુઆઈની ઉપભોક્તા બહેતરી સાથે એકત્રિત રેડમી વાય૧ અને રેડમી વાય૧ લાઈટ મોટું ડિસ્પ્લે, મજબૂત બેટરી આયુષ્ય ધરાવે છે, જે આખાદિવસની વ્યસ્તતાને પહોંચી વળે છે. ફોનની નવી સિરીઝ સાથે શાઓમી દ્વારા એમઆઈયુઆઈ૯નું વૈશ્વિક વર્ઝન પણ રજૂ કરાયું હતું, જે તેનાલોકપ્રિય એન્ડ્રોઈડ આધારિત ઓપરેટિંગ સિસ્ટમનું નવું અપગ્રેડ છે, જેમાં ભારત માટે તૈયાર કરાયેલી નવી વિશિષ્ટતાઓનો સમાવેશ થાય છે. એમઆઈયુઆઈ૯- વિદ્યુત ઝડપી એમઆઈયુઆઈના ૨૨૦થી વધુ પ્રદેશોમાં ૫૬ ભાષામાં ૨૮૦ મિલિયન ઉપભોક્તાઓ છે. એમઆઈયુઆઈ૯ પંચાંગ તિથિ, ભારતમાં ૨૬ તહેવારો માટે ફેસ્ટિવલ કાર્ડસ અને જ્યોતિષ ભવિષ્ય, સમાચાર, ક્રિકેટ સમાચાર, ક્રિકેટ શિડ્યુલ, ફૂટબોલ શિડ્યુલ,, હેલ્થ એન્ડ ફિટનેસ અને ઓન ધિસ ડે માહિતી માટે સપોર્ટ પણ આપે છે.

## જાવેદ અખ્તરે સંભળાવ્યા સુપર સ્ટાર વૈજયંતીમાલાના ફિલ્મી સફરના કેટલાક રસપ્રદ કિસ્સા

જો કોઈ એક ફીમેલ એક્ટર છે જેણે ભારતીય સિનેમાની અસલી ટ્રેંડસેટર કહેવામાં આવે, તો તે નિશ્ચિત રૂપે વૈજયંતીમાલા છે. એક ભારતનાટ્યમ ડાન્સર, દક્ષિણ ભારતીય ગાયિકા અને એક ડાન્સ કોરિયોગ્રાફરથી લઈને એક અભિનેત્રી હોવા સુધી, વૈજયંતીમાલા પોતાના શાનદાર કેરિયર દરમ્યાન અનેક રૂપોમાં સામે આવી. તેમણે સિલ્વર સ્ક્રીન પર ન માત્ર ડાન્સન એક નવો અંદાજ આપ્યો પરંતુ તે આવનારી પેઢીઓ માટે પણ એક મિસાલ બની ગઈ. આ વીકેન્ડ ઝી ક્લાસિક 'વો જમાના કરે દીવાના'ના પોતાના વાયદા સાથે 'ક્લાસિક લીજેન્ડ્સ સીઝન ૪'માં જાવેદ અખ્તરના શબ્દોમાં વૈજયંતીમાલાના ફિલ્મી સફરને દેખાડશે, જેનું પ્રસારણ રવિવારે ૦૫મી નવમ્બરે સાંજે ૭:૦૦ કલાકે કરવામાં આવશે. તો આખરે વૈજયંતીમાલા કેવા પ્રકારના પ્રયાસો કરી રહ્યા હતા,

આખરે નંબર ૧૩ થી તેમનું લક કેવીરીતે જોડાયેલું હતું, તેમના સફરની અનેક રસપ્રદ વાતો જાણવા માટે જોવાનું ન ચૂકતા, ક્લાસિક લીજેન્ડ્સ સીઝન ૪ વિથ જાવેદ અખ્તર, રવિવારે ૦૫ નવેમ્બરે સાંજે ૭:૦૦ કલાકે માત્ર ઝી ક્લાસિક પર.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## બજાજ ઓટો લઈને આવ્યું છે એબીએસ સહિત પલ્સર NS 200



ભારતની અગ્રણી મોટરસાઈલક કંપની, બજાજ ઑટો લિમિટેડે પોતાની મોટાભાગની સફળ પલ્સર NS200 ની એબીએસ આવૃત્તિ રજૂ કરી છે. NS200 પોતાના આક્રમક આકારની સાથે આગામી પેઢીની સ્પોર્ટ્સ બાઈક છે અને આના ટેકનોલોજી અને પર્ફોર્મન્સમાં નવા માનક સ્થાપિત કર્યા છે. બેહદ મર્દાની પલ્સર NS200 માં 200CC ના લિક્વિડ કૂલ્ડ ચાર વાલ્વવાળા ટ્રિપલ સ્પાર્ક ડીટીએસ-આઈ એન્જિન છે અને આ શ્રેષ્ઠ સ્ટેબિલિટી અને સુરક્ષાની સાથે ૨૩.૫ PS નો જાનદાર પાવર આપે છે. અને હવે આ એબીએસની સાથે પહલા કરતા મોટા ડિસ્ક બ્રેક્સ અને પરિધિ ફ્રેમમાં ઉપલબ્ધ છે, જેનાથી રાઈડરને ઉચ્ચતમ સ્તરની સ્ટેબિલિટી અને નિયંત્રણ હાંસલ થાય છે અને કોઈપણ સપાટી પર બ્રેક લગાવવું બેહદ સુરક્ષિત છે.

## કેલિફોર્નિયા વોલનટ કમીશને દિલ્હીમાં સાયન્ટિફિક એન્ડ હેલ્થ રિસર્ચ મીટીંગનું આયોજન કર્યું



કેલિફોર્નિયા વોલનટ કમીશન (સીડબલ્યુસી)એ દિલ્હીમાં બિમારી ઉપર અંકુશ તથા સ્વાસ્થ્યમાં અખરોટની ભુમિકા ઉપર ચર્ચા કરવા માટે એક દિવસીય સાયન્ટિફિક એન્ડ હેલ્થ રિસર્ચ મીટીંગનું આયોજન કર્યું હતું. આ એક દિવસીય કાર્યક્રમમાં જાણીતા શોધકર્તા અને ચિકિત્સા જગતના લોકોએ સામાન્ય પોષણ તથા આહારની ભલામણો, કાર્ડિયોવાસ્ક્યુલર હેલ્થ, અલ્ઝાઈમર રોગ, કોગ્નેટિવ હેલ્થ અને ડાયાબિટીસના સત્રોમાં ભાગ લીધો હતો. આ સત્રોમાં સીડલ્યુસી હેલ્થ રિસર્ચ પ્રોગ્રામ હેઠળના હેલ્થ અને ન્યુટ્રિશિયન પ્રોજેક્ટ્સની અપડેટ તથા નવી જાણકારી રજૂ કરવામાં આવી હતી.આ આયોજનમાં આંતરરાષ્ટ્રીય શોધકર્તા પણ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે અખરોટના અભ્યાસ સંબંધિત ચર્ચા કરી હતી, સીડબલ્યસી કેલિફોર્નિયાએ અખરોટની ગુણવત્તા, સ્વાદ અને સ્વાસ્થ્ય લાભોને માર્કેટિંગ પ્રવૃત્તિ દ્વારા પ્રચલિત કરીને ભારતીય ઉપભોક્તાઓ માટે અખરોટથી થતાં લાભો અંગે જાણકારી આપી છે. શોધના પરિણામ મૂજબ અખરોટ કાર્ડિયોવાસ્ક્યુલર રોગ, કેન્સર, ઉંમરમાં વધારા સાથેના રોગો તથા ડાયાબિટીસ જેવી સમસ્યાઓમાં સકારાત્મક પરિણામ આપે છે.આ સંમેલન અભ્યાસના નવા ક્ષેત્રોની ઓળખ કરવી, સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓ ઉપર ચર્ચા કરવા તથા ભારતીયોની સ્વસ્થ જીવન શૈલીમાં અખરોટના યોગદાન અંગે માહિતીને બળ આપશે. અખરોટ એકમાત્ર ફળ છે, જેમાં રોપા આધારિત ઓમેગા-૩ અને આલ્ફા-લિનોલેનિક એસિડની ભરપૂર માત્રા હોય છે અને તે માનવ શરીર માટે આવશ્યક છે.

એક મુઠ્ઠી અખરોટમાં ૪ ગ્રામ પ્રોટીન, ૨ ગ્રામ ફાયબર અને મેગ્નેશિયમ (૧૦ ટકા ડીવી) હોય છે. પોષત તત્વોની વિવધતા અને મુખ્ય વાનગીમાં મિશ્રણની યોગ્યતા સાથે અખરોટ સમગ્ર વર્ષ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું આદર્શ ઘટક છે."

## કલર્સ પ્રસ્તુત કરે છે લવચીકતા અને બહાદુરીની કહાણી 'લાડો –વીરપુર કી મર્દાની'

કલર્સ લાડો– વીરપુર કી મર્દાની સાથે પોતાના આઈકોનિક અને મિથ્યાડબર સબંધી ડ્રામા, ના આના ઈસ દેસ લાડોના બીજા પ્રકરણને લોન્ચ કરવા તૈયાર છે. ૬ નવેમ્બર ૨૦૧૭ ના રોજ પ્રીમિયર થતો શો દર સોમવાર થી શુક્રવાર રાત્રે ૯-૩૦ કલાકે કલર્સ પર દર્શાવવામાં આવશે.

મેઘના મલિક દહેશત પમાડતી અમ્માજીની પોતાની ભૂમિકા પ્રથમ સીઝનમાં તેણે ભજવી હતી એટલી જ બોલ્ડનેસ અને ગહનતાથી કરી રહેલ છે. શો વર્સટાઈલ અવિકા ગોરનું મુખ્યનાયિકા – અનુષ્કા તરીકે નિરૂપણ કરે છે જે કાયદામાં મકકમ પણે માને છે આ વર્ણનને પલક જૈનને તેણીની બહેન, જહાનવી તરીકે હોવા સાથે તાણા ગૂંથે છે. શોમાં મેઘના મલિક(અમ્માજી), અવિકા ગોર(અનુષ્કા), બલવંત સિંહ ચૌધરી (ઋતુરાજ સિંહ), રણબીર (અંકિત રાજ), કોમલ (ઝલક દેસાઈ), તેજ સિંહ ચૌધરી (હીમાન ચૌધરી) અને સુનહરી (સુદિક્ષા પરમાર) સહિત એકટર્સના તારકવૃંદની હરોળનું નિરૂપણ કરે છે જે અગત્યની ભૂમિકાઓ ભજવશે. ૬ નવેમ્બર, ૨૦૧૭ ના રોજ શરૂ થતો લાડો – વીરપુર કી મર્દાની નિહાળો, દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯-૩૦ કલાકે ફક્ત કલર્સ પર

## એમિરેટસ દ્વારા એક્સપો ૨૦૨૦, દુબઈની સજાવટ ધરાવતું નવું વિમાન રજૂ



અમદાવાદ

એમિરેટસ દ્વારા એક્સપો ૨૦૨૦, દુબઈની લાઈવરી (સજાવટ) ધરાવતું તેના કાફલાનું પ્રથમ જહાજ રજૂ કરાયું છે. આ ડેકલ એમિરેટસના એન્જીન્યરીંગ હેંગર ખાતે A6 -EPK બોઈંગ 777-300ER સ્થાપિત કરવામાં આવ્યું છે.આ અનોખી અને આકર્ષક લાઈવરી એક્સપો ૨૦૨૦ના લોગો ઉપર આધારિત છે, જેમાં દુબઈમાંથી ખોદી કાઢવામાં આવેલી સોનાની પૌરાણિક વીંટી ઉપરથી પ્રેરણા લઈને તેને તૈયાર કરવામાં આવેલ છે અને એ દ્વારા વિઝન એક્સપો ૨૦૨૦ દુબઈને એમિરેટસના સમર્થનની અભિવ્યક્તિ કરાઈ છે. જે પ્રથમ ડેકલ સ્થાપિત કરાયું છે તેનો થીમ;મોબીલીટી; (હરવા ફરવાની ક્ષમતા) છે ,જે એમિરેટસની લોકોને અને સ્થળોને તથા તકોને જોડવાની ભૂમિકા વ્યક્ત કરે છે, કારણકે આ એરલાઈન્સ ૮૪ દેશોનાં ૧૫૦થી વધુ સ્થળોએ આવવા જવાની સુવિધા દ્વારા તેના મથક દુબઈ સાથે જોડે છે અને સાથે સાથે એક્સપો ૨૦૨૦ દુબઈનો મુખ્ય થીમ " Connecting minds, Creating the Future " રાખવામાં આવ્યો છે. એક્સપો ૨૦૨૦ દુબઈ વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોને વૈશ્વિકવિચારો, સહયોગ અને ભાગીદારીના આદાન-પ્રદાન માટે સુગમતા પૂરી પાડતું મહત્વનું પ્લેટફોર્મબની રહેશેઅમારા લોગોને તેમના વિમાનો દ્વારા વિશ્વભરમાં લઈ જઈને એમિરેટસ અમારૂ ધ્યેય સાકાર કરવામાં મહત્વનું પ્રદાન કરી રહ્યું છે. એમિરેટસ એરક્રાફ્ટ એપિયરન્સ સેન્ટર દ્વારા વીતેલા વર્ષોમાં એમિરેટસના વિમાનો પર આકર્ષક સજાવટ કરવામાં આવી છે.

## રાજીવ ઠાકુર બિગ મેજિકના આગામી શો તેરા બાપ મેરા બાપમાં જોવા મળશે



પ્રતિભાશાળી કોમેડિયન રાજીવ ઠાકુર અપવાદાત્મક કોમિક ટાઈમિંગ, હોસ્ટ અને અભિનય માટે જાણીતો છે. હવે તે બિગ મેજિકની આગામી સિટકોમ તેરા બાપ મેરા બાપમાં જોવા મળવાનો છે. તે શોમાં મુખ્ય પાત્રમાં જોવા મળવાનો છે બાય ઓન્લી એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત શો તેરા બાપ મેરા બાપ માટે રાજીવ ઠાકુરને મહત્ત્વપૂર્ણ ભૂમિકા આપવાની બાબત પર મંજૂરીની મહોર લાગી છે. તે દર્શકોને પોતાની હાસ્યસભર હરકતથી પેટ પકડાવીને હસાવશે. બિગ મેજિકની આગામી સિરીઝનો હિસ્સો બનવા વિશે રાજીવ ઠાકુરનો અમે સંપર્ક કર્યો ત્યારે તેણે કહ્યું, તેરા બાપ મેરા બાપ ટેલિવિઝન પર ડબલ રોલમાં મારી હેટ્ટ્રિક બની રહેશે. રાજીવ ઠાકરના અલગ અલગ અવતારો વિશે વધુ જાણકારી માટે જોતા રહો તેરા બાપ મેરા બાપ, ૧૪ નવેમ્બરથી પ્રસારિત થશે, દર સોમવારથી શુક્રવાર, રાત્રે ૯.૩૦, ફક્ત બિગ મેજિક પર.

## ધ વોઈસ કિડ્સ જગ્ગા જાસૂસને ટેલિવિઝન પર લાવે છે



&TV ધ વોઈસ ઈન્ડિયા કિડ્સની બીજી સીઝન સાથે વીકએન્ડમાં નવો પ્રાણ ફૂંકવા માટે સુસજ્જ છે. આ શો બાળ ગાયકી પ્રતિભાઓનું નસીબ પલટી નાખવા વચનબદ્ધ છે. ધ વોઈસ કિડ્સ મંચ દેશના દરેક ખૂણેથી ઉત્તમ પ્રતિભાઓને આગળ લાવવા માટે કોઈ કચાશ બાકી રાખવા માગતું નથી. આવા જ એક સ્પર્ધકને આ પ્રતિષ્ઠિત મંચ પર પરફોર્મ કરવાનો મોકો મળ્યો છે તે ચંડીગઢનો માધવ અરોરા છે. માધવ બોલતી વખતે થોથવાય છે. આ પડકારમાંથી બહાર આવવા માટે તે હંમેશાં ગીત ગાઈને ઉત્તર આપે છે. રણબીર કપૂરે જગ્ગા જાસૂસમાં આપણા સૌને ચકિત કરી દીધા હતા ત્યારે માધવ પણ બોલતા ચાલતો જગ્ગા જાસૂસ જ છે. ૧૧માંથી માધવે પોતાના સૂરીલા કંઠથી કોચને મોહિત કર્યા છે.ધ વોઈસ ઈન્ડિયા કિડ્સનો આ જગ્ગા જાસૂસ અરિજિત સિંહને ગુરુ માને છે. પોતાના પિતા પોતાને માટે ભાગ્યશાળી હોવાનું માને છે અને એક દિવસ નામાંકિત સંગીતકાર બનવા માગે છે. માધવ અરોરા તેનીગાયકી થકી તમારા અંતરને સ્પર્શીને રહેશે અને ઘણા બધા લોકોને તેમનાં સપનાં જીવવા માટે પ્રેરણા આપશે. જોકે આ જગ્ગા જાસૂસ શું કોચનું ધ્યાન ખેંચશે?ધ વોઈસ કિડ્સની નવી સીઝન જોવાનું ચૂકશો નહીં શનિવાર અને રવિવાર, ૧૧ નવેમ્બરથી શુભારંભ, ફક્ત &TVપર!

## અમદાવાદ સ્કેચર્સ પર્ફોમેન્સ ગોરનપ સાથે દોડયું

અમદાવાદ

અમેરિકન સ્પોટ્સ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ – સ્કેચર્સ એ તાજેતરમાં તેની લોકપ્રિય ગોરન રેન્જની નવીન આવૃતિ ગોરનપ પ્રસ્તુત કરી છે. આ શુઝ (જૂતા) રસ્તાઓ, ટ્રેડમિલ અને સિન્થેટિક ટ્રેક પર દોડવા માટે આદર્શ છે. આ પ્રોડકટના લાભોને હાઈલાઈટ કરવા માટે લોકપ્રિય એકટર ટાઈગર શ્રોફે મુંબઈમાં સ્કેચર્સ પર્ફોમેન્સ ગોરનપ ચેલેન્જની શરૂઆત કરી છે. ઈનોવેટિવ પર્ફોમેન્સ ટેકનોલોજી સાથે સ્પીડ માટે ડિઝાઈન કરાયેલ શુઝ પહેરીને ટાઈગર શ્રોફ ૧૬ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ટ્રેડમિલ પર દોડયો હતો.મુંબઈ, ચંદીગઢ, દિલ્હી અને લખનૌ પછી, સ્કેચર્સની બ્રાન્ડેડ ટ્રક અમદાવાદનો પ્રવાસ કરવા તૈયાર છે અને તે લોકોની તેમની સ્પીડ (ઝડપ/ગતિ) અને એજિલટીનું (ચપળતા) પ્રદર્શન કરવા ગોરનપ ચેલેન્જ માટે આમંત્રિત કરે છે. આ ચેલેન્જ જીતવા માટે સ્પર્ધકે ૧૬ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ૫ મિનિટ સુધી દોડવું પડશે. પ્રત્યેક વિજેતાને સ્કેચર્સ ગુડીઝ (ઈનામો) આપવામાં આવશે અને કેટલાક નસીબદાર વિજેતાઓને સ્કેચર્સ પર્ફોમેન્સ ગોરનપ શુઝ આપવામાં આવશે. અમદાવાદમાં બધા માટે સ્કેચર્સ ગોરનપ ચેલેન્જ તા. ૪ નવેમ્બર ૨૦૧૭ ના રોજ સાંજે ૫ કલાક થી રાતના ૯ કલાક દરમ્યાન સ્કેચર્સ સ્ટોર, વિનસ એટલાન્ટીસ, પ્રહલાદનગર ખાતે યોજવામાં આવી છે.

સ્કેચર્સ પર્ફોમેન્સ ભારતમાં અને વિશ્વના ૧૬૦ થી વધારે દેશોમાં કંપનીની માલિકીના ૨,૩૦૫, અન્યની માલિકીના રિટેલ, ડિપાર્ટમેન્ટલ અને સ્પેશીયાલીટી સ્ટોર્સ તથા કંપનીની ઈ-કોમર્સ વેબસાઈટ દ્વારા ઉપલબ્ધ છે. .

## ભુજ અને માંડવીમાં રંગભૂમિ ખાતે યોજાયેલ નાટ્ય શોમાં કચ્છી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના જીવન કવન પર પ્રકાશ પડાયો





અમદાવાદ

રંગમંચ અને લલિતકલાને સમર્પિત કલા સંસ્થા સંસ્કાર ભારતી ભુજ શહેર સમિતિ દ્વારા આયોજીત ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના જીવન પર આધારિત નાટક ''વેલકમ હોમ શ્યામજી'' દ્વારા ભુજ અને માંડવીમાં રંગભુમિ ખાતે યોજાયેલા નાટ્ય શોમાં કચ્છી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના જીવન કવન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ગુજરાતની જાણીતી નાટ્ય સંસ્થા 'અર્પણ' રમેશ અમીન અને રિધમ કોમ્યુનિકેશન ભાવિક શાહ નિર્મિત શંકર ગુમાને લેખિત આ નાટકના કથાબીજના પ્રેરણસ્તોત્ર કચ્છ ભાજપના મંત્રી હિતેશ ખંડોર છે. નિર્માણ નિયોજન અલ્પના મજમુદાર ક્રિશ્ના કોમ્યુનિકેશનનું છે, આ નાટક તારીખ ૨૫ મી ઓક્ટોબરે ભુજમાં ટાઉન હોલ અને માંડવીમાં રંગભુમિ ખાતે તારીખ ૨૬ મી ઓક્ટોબરે ભજવાયું હતું. આ કાર્યક્રમના પ્રયોજક અને મુખ્ય અતિથી કચ્છના જાણીતા ઉદ્યોગપતિ ચેતન ભાનુશાળી ખાસ હાજર રહેલ. ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની અંતિમ ઈચ્છા પ્રમાણે તેમના અને તેમની પત્નિના અસ્થી પોતાના વતન કચ્છના માંડવીમાં આઝાદ ભારત ભુમિમાં વિસર્જન કરવા એ ઈચ્છા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩ માં તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન પદે હતા તે સમયે પુરી કરી હતી. અને એટલું જ નહીં તેમનું ભવ્ય સ્મારક સ્થાપવામાં આવ્યું છે. ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશમાં ફરીને લંડન પેરીસ, જર્મની અને જીનીવામાં હિન્દુસ્તાનની આઝાદી માટે અનેક નવ લોહિયાને શિષ્યવૃત્તિ આપતા, તેમની સાથે અનેક ગુજરાતી યુવાનો, રાણા સાહેબ અને મીસીસ કામા હતા. તેઓ મદનલાલ અને સાવરકરને ગુરુ માનતા હતા. સમારોહના આયોજન વ્યવસ્થામાં અધ્યક્ષ આશુતોષ મહેતા, મંત્રી નિપુણ માંડક, સહ સંયોજક રમેશ સોનપાર, ચિન્મય ભટ્ટ, પ્રકાશ ગોસ્વામી, હર્શિદા જોશી, જિલ્લા સંયોજક પંકજ ઝાલા સહિત સહભાગી બન્યા હતા.

## ગોલમાલ અગેઈનની બોક્સ ઓફિસ કમાણી રૂ. ૨૦૦ કરોડ આંબી જશે એવું એક અનાથ બાળકનું અનુમાન સાચું પડ્યું



અનાથ બાળક સોનુએ પરિણીતી ચોપરા અને રોહિત શેટ્ટી માટે આપેલું અનુમાન વાસ્તવમાં સાચું પડશે એવી તેણે સપનામાં પણ કલ્પના કરી નહોતી.ગોલમાલ અગેઈન માટે મીટ એન્ડ ગ્રીટ ઈવેન્ટ દરમિયાન કલાકારો પરિણીતી ચોપરા, અર્શદ વારસી, તુષાર કપૂર, શ્રેયસ તળપદે, કુનાલ ખેમુ અને ડાયરેક્ટર રોહિત શેટ્ટીની મુલાકાત ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની સીએસઆર પાંખ મુકુલમાધવ ફાઉન્ડેશનનો ટેકો ધરાવતા અનાથ બાળક પાસેથી સરપ્રાઈઝ ટ્રીટ મળી હતીઆ નાના તારલાઓને તેમના હીરોને મળવાનો, નાચવાનો, ગાવાનો, ફ્લાઈંગ કિસ આપવાનો વગેરે મોકો મળ્યો હતો ત્યારે એક બાળકે આગળ આવીને કલાકારો માટે ચેલેન્જ આપવાનું નક્કી કર્યું. યુવા સોનુ કલાકારો પાસે ગયો અને ચેલેન્જ આપી કે જો તેઓ પોતાની ફિલ્મ રૂ. ૨૦૦ કરોડનો વકરો પાર કરે એવું ચાહતા હોય તો તેમણે નાચીને બતાવવું પડશે.આ વાતને ત્રણ દિવસ વીતી ગયા પછી જે પણ બન્યું તે સૌને માટે આશ્ચર્યકારક હતું. આથી વધુ આશ્ચર્યની વાત એ છે કે અનાથાલયના આ બાળકે ત્રણ દિવસ પૂર્વે અચૂક રીતે આ આગાહી કરી હતી, જે શક્ય સાકાર થયું.

## પોરસ એક અકથિત વાર્તા



- વિજેતા, એલેક્ઝેન્ડર અને ભારતના મહાન સંરક્ષક પોરસની અકલ્પનીય વાર્તા વર્ણવે છે.
- વાર્તા કાલક્રમિક વર્ણન રજૂ કરશે અને તે જ દિવસે જન્મેલા આ બે મહાન યોદ્ધાઓની મહાકાવ્ય યુદ્ધ સુધી જન્મથી જ મુસાફરીનું નિરૂપણ કરશે, પરંતુ સંપૂર્ણપણે અલગ કેળવણીની સાથે ઉછેરાશે.
- ૩૫૦ ઈ.સ. પૂર્વમાં સેટ કરેલ, આ વાર્તા તેના મૂળ અને ઈતિહાસને તે સમયના સમય સુધી શોધી કાઢશે જ્યારે ભારતને તેની સંપત્તિ અને એક મહાન સંરક્ષક તરીકે 'સોને કી ચીડિયા' કહેવામાં આવે છે, પોરસે બધા સમયે મહાન વિજેતા એલેક્ઝાન્ડર દ્વારા ભારતીય ભૂમિ પરના પ્રથમ હુમલાનો વિરોધ કર્યો હતો.
- આ શો પ્રાચીન ભારત અને ગ્રીસના ઈતિહાસમાંથી જીવંત પાત્રો લાવશે અને વિવિધ વિશ્વોની રજૂઆત કરશે, જેમાં મૂળરૂપના વર્ણનો, દ્રશ્યો, ઉત્પાદન, પાત્રાલયો અને પ્રદર્શન, ક્યારેય ભારતીય ટેલિવિઝન પર ક્યારેય જોવામાં આવ્યાં નથી.
- ભારતીય ટીવી પરની સૌથી મોટી ઐતિહાસિક અને પૌરાણિક કથાઓ પાછળના સિદ્ધાર્થ કુમાર તિવારી, ફ્લ્ઠ ટેક્નોલૉજીમાં શ્રેષ્ઠ સાથે સૌથી વધુ -પ્રીમિયમ સામગ્રી બનાવીને નવા બેન્ચમાર્કનું નિર્માણ કરશે.
- ૩૫૦ ઈ.સ. પૂર્વેના યુગને ફરીથી બનાવવા માટે ઉમરગાંવ, ગુજરાતમાં નવ એકર જમીન પર એક વિશાળ સેટ ફેલાયો છે.
- પૌરવ રાષ્ટ્ર, તક્સિલા રાષ્ટ્ર, દાસ્યુ રાજ્ય, પર્શિયા અને મૅક્સેડોનિયા જેવા પાંચ શ્વાસલેનાર વિશ્વનું તે પહેલાં ક્યારેય ભારતીય ટેલિવિઝન પર જોવામાં ન આવેલ તેવા સેટનું નિર્માણ કરાયું છે.
- પૌરવ રાજ્ય - પૌરવ રાજ્યનો પ્રવેશ, અદભૂત નંદી દ્વારા નિહાળવામાં આવે છે, જે આશ્ચર્યજનક ફ્લ્ઠ દ્વારા સંપૂર્ણપણે વિકસિત થયેલ છે જે તમને નાની સ્ક્રીન પર ફિલ્મ થિયેટરનો અનુભવ આપે છે. જેલમ નદીના કાંઠે કલ્પના કરેલા સામ્રાજ્યનો બાહ્ય દશ્ય, પૌરવ રાજ્ય પાણીના માર્ગો દ્વારા વેપારનું પ્રદર્શન કરશે.
- તક્સિલા રાજ્ય - ભવ્ય બાંધકામથી રાજ્યના આંતરિક આંગણાનો અને માળખાંનું પ્રદર્શન થાય છે. સંશોધન અને તે યુગના અધિકૃત ડિઝાઈન પર આધારિત છે.
- મેસેડોનિયા - એલેક્ઝાન્ડરનો રાજધાની શહેર જે તેના માળખાના અત્યંત ઔપચારિક લાક્ષણિકતાઓ દ્વારા અલગ છે. અહીં દરેક બિલ્ડિંગને શિલ્પનું અસ્તિત્વ ગણવામાં આવે છે. સંતુલન અને પ્રમાણ પર આધારીત સ્થાપત્યની સુંદરતા. ભારતીય ટેલિવિઝન પર સૌપ્રથમ વખત મનોરંજન, પ્રાચીન ગ્રીક સંસ્કૃતિના આ ભવ્ય દ્રશ્યો પાર્થેનન જેવા જીવંત માળખાં લાવશે.

## પદ્માવતી ફિલ્મના પ્રસારણને અટકાવવા રાજયના ક્ષત્રિયોની માંગ

પદ્માવતીના નિર્માતાઓ અને ભાજપને જનવિકલ્પના ઉપપ્રમુખની ખુલ્લી ચેતવણી પદ્માવતીને અટકાવો નહીંતર ક્ષત્રીય રાજપુતોને બધું જ બંધકરતાંઆવડે છે.

જન વિકલ્પ પાર્ટીના કેપ્ટન શંકરસીંહ વાઘેલાએ બોલીવુડની ફિલ્મ પદ્માવતી પ્રકરણમાં સૌથી પહેલાં વિરોધ નોંધાવ્યા બાદ હવે ભાજપ પણ પદ્માવતી ફિલ્મ પ્રકરણમાં ઝંપલાવતાં તેની આકરી ટીકા કરીને જણાવ્યું કે ભાજપે પદ્માવતી ફીલ્મ રજુ થતી અટકાવવા ચૂંટણીપંચને પત્ર લખીને માંગ કરી છે. પરંતુ સમસ્ત ક્ષત્રીય સમાજનું ઘોર અપમાન કરનાર પદ્માવતી ફિલ્મને રજુ થતી અટકાવવામાં ચૂંટણી પંચ કયાંય ચિત્રમાં આવતું જ નથી. આ ફિલ્મને આચારસંહીતા સાથે સંબંધ હોય તો જ ચૂંટણી પંચે તેમાં દરમ્યાનગીરી કરવી પડે પરંતુ આ સમગ્ર મામલો કાયદો અને વ્યવસ્થાનો છે. આ ફિલ્મમાં ક્ષત્રીય સમાજની સતી મહારાણીને ખુબ જ ખરાબ અને વિકૃત રીતે ચીતરવામાં આવી છે. અને આ ફિલ્મ જો રજુથાય તો ગુજરાતના તમામ ક્ષત્રીયોનો રોષ ફાટી નીકે તેમ હોવાથી સંભવીત હિંસાના બનાવ સાથે જોડાયેલી બાબતનેભાજપ ચૂંટણીપંચ સાથે સાંકળીને ગુજરાતના સમસ્ત રાજપુત અને ક્ષત્રીય દરબાર સમાજને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ભાજપ ચૂંટણી પંચને શા માટે વચ્ચે લાવી રહ્યું છે તે સમજી શકાય તેમ છે. કેમ કે ભાજપ આ ફિલ્મના રીલીઝના પગલે ગુજરાતમાં સર્જાનાર ગંભીર પરીસ્થિતિથી વાકેફ છે પણ ભાજપના લોકો પોતાની આદત પ્રમાણે હિંસાના બનાવોને રોકશે નહીં અને ચૂંટણી પંચનું લઠ્ઠ નાખીને ગુજરાતના લોકોને બેવકુફ બનાવી રહ્યું છે.

## મોરની સુંદરતા દ્વારા પ્રેરિત નવી ગ્રાન્ડ સેઈકો હાઈ-બીટ ૩૬૦૦૦ જીએમટીનું સર્જન



મોર એ એક પક્ષી છે જેણે સમગ્ર ઈતિહાસમાં ઘણા વિચારો અને માન્યતાઓને પ્રેરણા આપી છે.પૂર્વજો માને છે કે મોરએ અમરત્વનું પ્રતિક છે, જ્યારે અન્ય સંસ્કૃતિમાં નવીનીકરણ જોવા મળે છે અને આ સુંદર પક્ષીમાં પણ જોવા મળે છે.સમગ્ર વિશ્વમાં મોર સુંદર પક્ષી છે જે મનુષ્યને આકર્ષિત કરે છે.લેટેસ્ટ ગ્રાન્ડ સેઈકો હાઈ-બીટ ૩૬૦૦૦આ સૌદર્યને મેળવે છે. તેના ઊંડા લીલા રંગ અને સ્ટેમ્પ્ડ પેટર્ન સાથે, તમે ડાયલને જોશો તો તમારી આંખોમાં એકદમ બેસી જશે. ૨૦૧૪માં ગ્રાન્ડ પ્રિક્ષ ડી જીનીવે ખાતે ''પિટાઈટ એઈગ્યુઈલ'' એવોર્ડનું ઈનામ જીતનાર પ્રખ્યાત ઘડિયાળ હતી.

# કિલ્લોલ કુંજ

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...

અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

સસરાનો ફોન આવ્યો જમાઈ રાજ કાલે સાળા માટે છોકરી જોવા જવાનું છે. બની શકે તો આવી જજો.

જમાઈરાજઃ તમે લોકો જોઈ આવો. મારો તો ખુદનો નિર્ણય ખોટો પડયો છે.

૦૦૦

તમે કુંવારા હતા ત્યારે આવકમાંથી તમે થોડા કમાણા, માતા પિતા ભાઈ બહેનને આપતા હતા પણ લગ્ન બાદ પુરેપુરી રકમ ઘરવાળીને આપવી પડે છે તેનું નામ જીએસટી ઘરવાળીનો સર્વિસ ટેક્ષ.

૦૦૦૦

એક જમાઈ સાસરે ગયા. સાત દિવસ સાસુએ પાલક, મેથી વગેરેની ભાજી ખવડાવી. પછી સાસુએ પુછયું,બોલો આજે શું ખાશો ?

જમાઈ : તમે રાંધતા નહીં મને ખેતર દેખાડી દો હું ચરી લઈશ..

૦૦૦૦

એક ભાઈ ડોકટર પાસે ગયા તબિયત તપાસી ડોકટરે કહ્યું, તમારે પુરેપુરા આરામની જરૂર છે. ઉંઘની ગોળી આપું છું.

તમારી પત્નીને તે ખવડાવી દેજો.

૦૦૦૦૦૦

એક ગામડાની સ્ત્રી પોતાના સંતાનને તેડી બસ સ્ટેન્ડ પર ગઈ. એક બસને રોકી.

ડ્રાઈવરઃ કયાં જવું છે બહેન ?

સ્ત્રી : કયાંય નહીં પણ બાબો રડે છે તેથી થોડી વાર હોર્ન તો વગાડતા રહો.

૦૦૦૦



## મધુવન

**'આકર્ષણ પગ કરવા લાગે, સુંદર ચહેરા વરવા લાગે;**
**સંબંધનો દસ્તુર છે 'ઘાયલ' સમય જતાં ઓસરવા લાગે'**

ગુજરાતી ગઝલના સિંહ ગણાતા ગઝલસિંહ, ગઝલ સમ્રાટ સ્વ.અમૃત ઘાયલનું આ મુકતક છે. આ મુકતકમાં સમયની સાથે સંબંધોમાં આવતા પરિવર્તનની વાત થઈ છે. સાચે જ સમય જેમ જેમ વીતતો જાય છે એમ સંબંધો ધીમે ધીમે ઓસરવા લાગે છે. ચોમાસાના તળાવની પેઠે સભર સમય ઉનાળો આવતાં ખાબોચીયાની જેમ નાનો બની ઘણીવાર ગંધાઈ ઉઠે છે.

**'હવે સંબંધો કોણ એને ચીવટથી,**
**આ સંબંધને વસ્ત્ર આવ્યો છે ખાંપો'**

મનોજ ખંડેરીયાના આ શે'ર માં સંબંધ રૂપી વસ્ત્રને થયેલા નુકશાનની વાત છે. વસ્ત્રોના ફાટવાના પણ પ્રકાર છે. સામાન્ય રીતે વસ્ત્રનું ઉતરાઈ જવું એ સંબંધમાં રીસાઈ જવા જેવું હોય છે.ફરીથી એમ જ એને સાંધી શકાય છે. બટનનું તુટવું એ પણ સામાન્ય ઘટના છે પણ ખાંપો આવવો એ વસ્ત્રનું એ રીતથી ફાટવું છે કે એને સાંધવું ખુબ જ મુશ્કેલ હોય એમાં ખુબ મહેનત અને બીજું વસ્ત્ર પણ ઘણીવાર જોઈએ છે. એવા વસ્ત્રને ચીવટથી સાંધવામાં ન આવે તો વધારે ફાટે છે. ખરાબ લાગે છે, સંબંધોમાં પણ એવું જ છે. જો ખાંપો આવે તો એને જોડવાનું, સાંધવાનું એક કરવાનું ખુબ મુશ્કેલ બની જાય છે.

**'આપું ભલા શું નામ, આ સંબંધને કહે ?**
**તું આમ જાણે કંઈ નથી ને આમ શ્વાસ પણ !'**

આપણા વતનના ગઝલસમ્રાટ 'મુસાફરી પાલનપુરી' સાહેબનો આ શેર છે. એમાં પણ સંબંધની વાત છે. સંબંધની બાબતમાં ઘણી વાર એવું સાંભળવા મળે છે કે સગાં હોય છે. એટલાં વ્હાલાં નથી હોતાં અને વ્હાલાં હોય છે એટલાં સગાં નથી હોતા. આમ સગાં વહાલાં સગાં વહાલાં હોતાં નથી અને એવા ઘણા સંબંધો હોય છે જે લોહીના ન હોવા છતાં વિશેષ કામ લાગે છે. કામ કરે છે, મદદ માર્ગદર્શન કરે છે એ સંબંધોનું કોઈ નામ હોતું નથી કે એવા સંબંધોને નામનો મોહ પણ હોતો નથી.

**'એક અમથી નાની સરખી વાતમાં,**
**વરસોનો સંબંધ પણ તોડી દીધો'**

આદિલ મન્સુરીના આ શે'ર માં નાની સરખી વાતમાં તુટી જતાં સંબંધ અંગે ચિંતા વ્યકત થઈ છે. કયારેક લોકો ન જાણે કેવા આવેગમાં આવી જાય છે અને સંબંધ તોડી નાખે છે તો કયારેક દેખાવમાં સાવ નજીવી લાગતી બાબતમાં પણ લોકો વરસોના સંબંધને તોડી નાખે છે. તોકયારેક દેખાવમાં સાવ નજીવી લાગતી બાબતમાં પણ લોકો વરસોના સંબંધને તોડી નાખે છે.

**'કેવળ દવાથી રોગ અમારો નહીં મટે,**
**સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં"**

અદમ ટંકારવીનો આ શે'ર સંબંધને સતત સ્નેહરૂપી સારવારની જરૂરીયાત પર ભાર મુકે છે. કેવળ દવાથી કોઈ દર્દ મટતું નથી. આરોગ્યશાસ્ત્રોમાં આટલું લખાયા પછી લખવામાં આવ્યું છે કે ઔષધો બધાં જ ત્યાં સુધી કારગત નીવડતાં નથી. જ્યાં સુધી અન્ન સાથે લેવામાં ન આવે. એટલે કે 'અન્ન સૌથી મોટું ઔષધ છે' એવું જ વ્યક્તિને માત્ર ઔષધિઓ અને અન્નથી જ સારૂં થતું નથી. એને પ્રેમ, હુંફ, લાગણીની પણ જરૂરીયાત હોય છે. આથી શાયર કહે છે કે ફકત દવા કરવાથી મટી જાય કે એમાંથી મુકત થઈ જવાય એટલું સરળ દર્દ આ નથી. થોડો સંબંધ પણ ઉમેરો સારવારમાં.

**'છેલ્લે બટન કયારે તે ટાંકેલું તને કૈં યાદ છે ?**
**સંબંધના કાપડને સાંધે છે તને કૈં યાદ છે ?'**

દત્તાત્રેય ભટ્ટના આ શે'ર માં પણ મનોજ ખંડેરીયાના શે'ર ની જેવી જ વાત કરવામાં આવી છે. બટનનું કામ બે બાજુથી આવરણને જોડી રાખવાનું છે. કાપડને જોડી રાખવાનું છે એ તુટી જતાં બે વચ્ચેનું અંતર વધી જાય છે આથી એને સમયસર મજબુત સાંધી દેવું જોઈએ. અંતે મનહર ચોકસીનો આ શે'ર..

**'હું મને પણ પૂર્ણ ના પામી શકયો,**
**આપના હોવા તણા સંબંધમાં'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

### મૈં ઐસા ક્યું હું !? મૈ ઐસા હી હું !!

જેવો છું તેવો જ છું અને એવો જ રહીશ;
તમને શું ખબર, નેવા-ધાર જેવો હોઈશ !
ઝાંખા અજવાળામાં કંડારી કેડી નમણી;
હર તરફ પ્રેમ પ્રસારૂ - ડાબી કે જમણી !
ઝઝુમુ છું જીવનની આ રમણ-ભ્રમણમાં;
દાહ કે વાહ, કશું ન ચાહુ દીવ-દમણમાં !
અલખધણીની ઓળખના પગલાં જોયાં;
હર સમય-સંજોગે ઠગતા બગલા જોયા !
હું શૈશવના શમણા જેવો બાળ-બુદ્ધિ;
એટલે જ સ્વયંમાં ઉજવુ છું દિલ-શુદ્ધિ !
કહે છે ઘણા--। વિકા, હવે તો મોટો થા;
અંતરાત્મા ચેતવે છે કે દંભી ન ખોટો થા !
દુભવ્યા જો કોઇને તો બોલ્યુ ચાલ્યુ માફ;
નમ્રપણે કહું છું સૌને, હું દિલનો છું સાફ !
દેવ-દિવાળી પર્વની અગ્રીમ સદ્દભાવના !

**વિકેશશાહ દાંતીવાડા**

### પ્રેમ લાગે છે

આપણે મળ્યા નથી કદી, તોય મળ્યા હોય એવું લાગે છે
તેને જોઈ નથી કદી તોય જોઈ હોય એવું લાગે છે
નથી કોઈ સંબંધ આપણી વચ્ચે
તોય ગાઢ સંબંધ હોય એવું લાગે છે
તું છે ઘણી દુર દુર તોય નજીક હોય એવું લાગે છે
મારા દિલમાં નથી કોઈ નામ તોય
કોઈ સમાઈ ગયેલ હોય તેવું લાગે છે
ઉભો છું એકલો પ્રેમના પંથમાં તોય
કોઈ સાથે હોય એવું લાગે છે
મારા મનમાં તારા વિચારો, યાદો લાગે છે
તોય મને તો પ્રેમ લાગે છે

**સુંડાજી ઠાકોર** (સુરાણા)

## પાપીનો અંત

પ્રાચીન સમયમાં એક પીપળના વૃક્ષ ઉપર યુગોથી પક્ષીઓએ પોતાનો વસવાટ બનાવ્યો હતો. જેવી રીતે શહેર, ગામડાંએ માનવીઓ માટે વસવાટનું સ્થળ કહેવાય છે તેવી જ રીતે વૃક્ષોએ પક્ષીઓ માટેનું રહેઠાણ કહેવાય છે. આ પીંપળના વૃક્ષ પર અનેક પક્ષીઓએ પોતાનો માળો બાંધ્યો હતો. દરેક પક્ષીઓ એકબીજા સાથે સંપીને રહેતા હતા. આ પીપળના વૃક્ષ પર પક્ષીઓનો નાનકડો સંસાર વસેલો હતો.

સુખી પરિવાર અને સુખી સંસાર કોને સારો ના લાગે એમાંય વહેલી સવારનું દ્રશ્ય તો જોવાલાયક હોય છે. સૂર્યની પ્રથમ કિરણ જ્યાં આ વૃક્ષ પર પડે એટલે બધા જ પક્ષીઓ પોત પોતાની મધુર વાણીમાં સુરમધુર ગીતો ગાવા લાગે છે. ચારે બાજુ ખુશી અને આનંદનું વાતાવરણ સર્જાય છે પરંતુ પ્રકૃતિના આ અબોધ જીવોનું સંગીત આ સ્વાર્થી યુગના લોકોને કયાંથી સમજાવાનું છે. ચારે બાજુ ખુશીનું વાતાવરણ આશાઓના ખીલતા ફુલો વિશે કોઈ કવિએ કહ્યું છે કે,

ખુશી કે સાથ સાથ હજારો ગમ ભી હોતે હૈ,
જહાં બઝતી હૈ શહનાઈયાં વહાં માતમ ભી હોતે હૈ!!

એક ખુની બાજની નજર આ પીપળના વૃક્ષ પર વસેલા પક્ષીઓના સંસાર પર પડી ત્યારે તેનું મન ખુશીથી નાચી ઉઠયું. બાજે વિચાર્યું એક જ વૃક્ષ ઉપર આટલો બધો શિકાર આવું સ્થળ તો મને આખાય જંગલમાં પણ નથી મળવાનું. પ્રભુ ! તારો લાખ લાખ આભાર છે કે તે મને ઘણાં લાંબા સમય સુધી મારા માટે ખાવા પીવાનો પ્રબંધ કરી દીધો. આ વૃક્ષ પર તો સેંકડો પક્ષીઓ રહે છે અને આ પક્ષીઓ વહેલી સવારે ખોરાકની શોધમાં ઉડી જતા હશે ! પરંતુ એમના બચ્ચાંઓ તો વૃક્ષ પર માળામાં એકલા જ રહેતા હશે ને ? આ હજ્જારો બચ્ચાઓમાંથી દરરોજ એકાદ બે બચ્ચાંને મારીને ખાઈ જઈશ તો એની ખબર આ પક્ષીઓને થવાની નથી.

આવો વિચાર કરીને બાજે નજીક આવેલાં એક વૃક્ષ ઉપર પોતાનો અડ્ડો જમાવી દીધો. સવારના સમયે જ્યારે બધા પક્ષીઓ ખોરાકની શોધમાં ઉડી જતાં ત્યારે બાજ આ પક્ષીઓના માળામાં જઈને એમના બચ્ચાંઓને મારીને ખાઈ જતો હતો. તે દરરોજ બચ્ચાંઓને મારી ખાઈને મસ્તીથી પોતાના વૃક્ષ ઉપર જઈને બેસતો હતો.

પરંતુ પાપનો અંત તો થવો જ જોઈએ. પાપ સદાય છાપરે ચઢીને પોકારે છે. એક દિવસ તો પાપ જાહેર થાય છે જ ! આ બાજુ પક્ષીઓને શંકા થઈ કે એમના બચ્ચાંઓને કોઈ મારીને ખાઈ જાય છે. કારણ કે ગુમ થયેલા બચ્ચાં કંઈ ઉડીને જતા તો નહોતા રહ્યા. તેઓ ઉડી શકે તેવી સ્થિતિમાં જ નહોતા.

આથી એક દિવસ પક્ષીઓએ એક ગુપ્ત સભા રાતના સમયે રાખી. જેમાં ઘણા પક્ષીઓએ એવી ઈચ્છા દર્શાવી કે તેઓ આ વૃક્ષછોડીને અન્ય સ્થળે સ્થળાંતર કરી નાખે.

આ સભામાં પ્રધાન તરીકે મોર હતો. આમેય મોરને તેજ બુધ્ધિવાળું પક્ષી માનવામાં આવે છે. મોરનું નૃત્ય જોવાને માટે લોકો દુર દુરથી આવે છે. એમાં શિકારી પણ હોય છે. શિકારી લોકો મોરની દેવતા માનીને પુજા કરતા હોય છે.

સભામાં મોરને કહ્યું, જુઓ ભાઈઓ ! આપણે આપણા વડવાઓનું સ્થાન કયારે પણ છોડવાનું નથી. હાં ! હું તમને વચન આપું છું કે હું જલદી આપણા બચ્ચાંઓને ચોરી જનાર દુશ્મનને પકડીને તેને અહીંથી ભગાડીમુકીશ.

બધા પક્ષીઓએ મોરની વાત માની લીધી અને તેમને વિશ્વાસ થઈ ગયો કે જરૂર આ મોર આપણને પાપી શત્રુના ત્રાસમાંથી મુકત કરાવશે.

શ્રાવણ મહીનામાં વરસાદ શરૂ થતા ઘણા શિકારીઓએ જંગલમાં પોતાનો અડ્ડો જમાવ્યો હતો. એમાંના કેટલાક શિકારીઓ આ બુધ્ધિમાન મોરને ઓળખતા હતા. શિકારીએ જોયું તો તેમનો મિત્ર મોર ઉદાસ બેઠો હતો. વાતાવરણમાં રીમઝીમ વરસાદ વરસતો હતો. કોયલ પોતાના સુરીલા અવાજમાં ગીત સંભળાવતી હતી પરંતુ મોર ઉદાસ દેખાતો હતો.

શિકારીઓ મોર પાસે ગયા અને પ્રેમપુર્વક કહ્યું,મીત્રો ! આજે તને શું થઈ ગયું છે ?અમે તો તારૂં નૃત્ય જોવાને માટે આવ્યા છીએ અને તું તો ઉદાસ બેઠો છે ને !'

'મિત્ર ! હું અત્યારે ખુબ જ દુ:ખી છું. મારા સાથીદારો પર સંકટના વાદળ વરસ્યા છે. કોઈ અમારા બચ્ચાઓને ચોરી કરીને તેને મારી નાખે છે. શું તમે મને આ સંકટમાં મદદ કરશો..?' મોર બોલ્યો.

શા માટે નહીં ? છેવટે મિત્ર જ મિત્રના કામમાં આવે છે અને પછી બીજા દિવસે શિકારીઓએ તપાસ કરી તો તેમને ખબર પડી કે એક ખુની બાજ આવીને વૃક્ષ પરના માળામાં રહેતા એકલા બચ્ચાંઓને મારી નાખે છે. તેમણે આ વાત મોરને કહી.

મોરે કહ્યું કે તમે અમને આ ખુની બાજની ચુંગાલમાંથી છોડાવો.. શિકારીઓ તૈયાર થઈ ગયા.

અને એક દિવસ શિકારીઓએ વૃક્ષ પર એક એવી જાળ બીછાવી કે બાજ તરત જ એમાં સપડાઈ ગયો. બાજ એમાંથી છુટવાને માટે ઘણા ધમપછાડા કર્યા પરંતુ તે મુકત ન થઈ શકયો છેવટે શિકારીઓએ પોતાના મિત્રની મદદ કરી અને પેલા ખુની બાજને પકડીને મારી નાખ્યો.પોતાના શત્રુનો નાશ થયેલો જોઈને બધા જ પક્ષીઓ આનંદમાં આવીને નૃત્ય કરવા લાગ્યા. મોરે પણ પોતાના નૃત્યની આગવી કલા દેખાડીને શિકારીઓના મન મોહી લીધા.આખા જંગલમાં રહેતા દરેક પશુ પક્ષીઓએ મોરનું નૃત્ય જોઈને આનંદ પામ્યા. **-કમલેશ કંસારા**

### કલશોર

હવાની આરપાર કલશોર, નજરની આરપાર કલશોર
જાઉં ગમે ત્યાં તારી જ વાત, પતંગીયાનો પુષ્પ પર કલશોર
શ્વાસમાં કોઈનો આભાસભર્યો, આકાશમાંથી ઝરમળ કલશોર
હૃદય દરીયો બનીને વલોવાય, વમળોમાં પણ નીકળે કલશોર
બચાવી લો મુસીબતમાં મને પીંછું અજાણ્યું ખરે થાય કલશોર
જીવ્યો છુંકાદવમાં કમળ બની જુદાઈમાં મીલનનો થાય કલશોર

**રાજેશ બારૈયા**
(બોરડા જી.ભાવનગર)

## માગવા જતાં મુસીબત

એક સાધુજી હતા. નદી કીનારે પગે લાગી આંખો બંધ કરી ઝાડ નીચે તપ કરી રહ્યા હતા.

આજે એમનો ત્રીજો દિવસ હતો.

સાધુજીએ નક્કી કર્યું હતું જ્યાં સુધી ભગવાન ન મળે ત્યાં સુધી તપ છોડવું નહીં. ભગવાન મળે એટલે જીવન કલ્યાણની વાત માગીને તપ છોડવું, સાધુજીનો સંકલ્પ હતો.

ચોથો દિવસ પણ પૂરો થયો. સાધુજી જાણતા હતા એમ કોઈ બે ચાર દિવસ તપ કરવાથી ઈશ્વર ન મળે એ માટે તો ઉગ્ર સાધના કરવી પડે. કંઈક ખોવું પડે તો જ પ્રભુજી મળી જાય.

આજકાલ કરતાં અઠવાડીયું થયું.

દશ દિવસ થયા, દિવસ પર દિવસ જતા હતા. સીંગાપોરમાં દિવસે એક અજબ ગજબનો બનાવ બની ગયો.

સાધુ જયાં તપ કરતા હતા ત્યાં એક મોટો ઉંદર આવ્યો અને એ સામેના પથ્થર પર ચડીને તપ કરતા સાધુને જોવા લાગ્યો. એવા તો ડોક ઉંચી કરી નીચી કરી.

ઉંદર કહે આ દાઢીવાળો કપાળે ટીલાં અને હાથમાં કડાવાળો નથી બોલતો કે નથી હલતો એને થયું છે ? શું લાવ મને એની પાસે જવા દે..

ઉંદરે વિચાર્યું અને ડાકલી વગાડતો સાધુજી આગળ ગયો.

આ તરફ ડાકલી વાગી કે સાધુજીનું તપ ભંગ થયું. અત્યાર સુધી તો એમની આંખો બંધ હતી. એ ખુલી ગઈ. એમને ઉંદર પર ગુસ્સો ઘણો આવ્યો. કંઈ કહેવા જાય એ પહેલાં ઉંદરે કહ્યું હે દાઢીવાળા.. માથે ટીલાંવાળા.. હાથમાં મોટા કડાવાળાં.. આમ ઉભા ઉભા શું કરો છો ? મને કહો ઉંદરે પૂછયું..

સાધુ કહે, એ ઉંદર તે મારા તપનો ભંગ કર્યો. યાદ રાખ.. કોઈ તપ કરી રહ્યું હોય બે આંખો બંધ કરી ભગવાનનુ નામ લઈ રહ્યું હોય તો એમાં વચ્ચે દખલ ન કરવી. તે પણ સમજ કર્યું છે. મારૂં તપ ભંગ કર્યું છે.. ખેર.. પરંતુ શું કામ હતું એ કહે..

ઉંદરે પુછયું, તમેતપ કરો છો તેથી શું થાય ?

સાધુ કહે, તપ કરવાથી ભગવાન મળે અને એ મળે એટલે આપણે જે જોઈતું હોય તે માગવાનું ભગવાન આપણને આપે..

તમે શું માંગશો ? ઉંદરે પુછયું..

જીવનનો મોક્ષ. સાધુ બોલ્યા, પણ ઉંદર કોઈ અર્થ ન સમજયો. એ બોલ્યો, હું પણ તમારી જેમ બે પગે ઉભો રહીને તપ કરીશ.. ઈશ્વર મળશે એટલે હું પણ માંગીશ.. ઉંદર બોલ્યો..

સાધુ હસીને બોલ્યા.

અલ્યા ઉંદર માણસ તો મોક્ષ માટે ધન દોલત રૂપાળી સ્ત્રી માટે, વિજેતા બનવાની માંગણી છે. પણ તું શું માંગીશ ?તારે વળી શું જોઈએ છે ? ઉંદરે ડાકલી વગાડતું કહ્યું.

એ દાઢીવાળા, ટીલાં અને કડાવાળા સાધુજી શું માગવું એ મારો વિષય છે. હું શું માગીશ એ તમને શું કામ છે ?

ઉંદરની સહેજ બરછટ વાણી સાધુજીને ન ગમી.. એ તો ફરી વાર પોતાના તપમાં જોડાઈ ગયા તો ઉંદર ત્યાંથી ડાકલી વગાડતો ચાલ્યો ગયો.

એણે તો બીજે જઈને બીજી સવારથી તપ શરૂ કર્યું. જો કે એના તપમાં ભલી વાર ન હતા.

ઘડી ઘડીમાં આંખો ખોલીને જોઈ લેતો.. જો કયાંકથી મિયાઉં માસી આવે તો.. ડાઘીયો કાકો આવે તો.. સમડી કોઈ આવે તો.. એ તો થોડી થોડી વારે આંખો ખોલી દેતો.

છતાંય એણે ત્રણ દિવસ તપ કર્યું અને એની કક્ષા સક્ષમતા જોઈ પ્રભુ રાજી થઈ ગયા.

ઉંદર સામે હાજર થયા બોલ્યા..

ઉંદરજી માણસ તો પોતાને કંઈક જોઈએ એ માટે તપ કરતા હોય છે પણ તમે શા માટે તપ કરો છો તમને શી તકલીફ છે ? ભગવાને પૂછયું.

ભગવાનનાં પીળાં કપડાં ગળામાં માળા, પગમાં રાખડી જોઈ ઉંદર કહે,

'તમારો આવો પહેરવેશ જોઈ માની લઉં છું કે તમે ભગવાન છો પણ હું કહું એ આપો મારા તપથી રાજી થયા હોય તો ઉંદરજી.. માગે જે જોઈએ તે.. પણ માગણી માત્ર એક જ કરવાની રહેશે. ભગવાને કહ્યું.

ઉંદર હસ્યો, બીજી પળે વિચારીને કહે, મારા કાન નાના છે. તેથી બિલાડી માસીના આવવાનો અવાજ ડાઘીયા કાકાને સમડી કોઈનો અવાજ મને સંભળાતો નથી. દુશ્મનોના અવાજ મને બરાબર સંભળાય એ માટે મોટા કાન આપો.. ભગવાને તથાસ્તુ કહ્યું.. અને ઉંદરને મોટા કાન મળ્યા પણ ભારે મુસીબત થઈ..

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

## ગુરૂ વંદના

ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂદેવો મહેશ્વરો, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ

એટલે કે ગુરૂને બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની સમકક્ષ મુકયો પછી 'ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ' એવું વંદન કરી ઉચ્ચ પદ આપ્યું છે. આ પદનું તથ્ય છેકે ગુરૂનું સ્થાન ઈશ્વર કરતાં પણ ઉચ્ચ છે. ગુરૂ પુર્ણ બ્રહ્મનું સાક્ષાત સ્વરૂપ છે.

ભારતીય સંસ્કૃતિમાં નીતીશાસ્ત્રમાં કહેવાયું છે કે માણસને પોતે જેવાતથી સાવ અજાણ હોય એ જ્ઞાન એને જે વ્યક્તિ પાસેથી જાણવા મળે તે વ્યક્તિ ગુરૂ. કારણ કે ગુરૂનું કાર્ય શિષ્યના ગુણોનો તેના જ્ઞાનનો વધારો કરવાનું છે.

આપણા અજ્ઞાનરૂપી અંધકારને દુર કરી જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે એ ગુરૂ. કારણ કે 'ગુ' એટલે અંધકાર કે અજ્ઞાન જ્યારે ર શબ્દ એ પ્રકાશ અથવા જ્ઞાન. જો સાચા ગુરૂનાં દર્શન થઈ જાય તો જીવવા મરવાનો ફેરો ટળી જાય.

'ગુરૂ' શબ્દ બોલતાં પરમ ગુરૂભકત એવા વીર એકલવ્યને કેમ ભુલાય ? જેણે ગુરૂની માટીની પ્રતિમા બનાવી અને એ મુર્તિની પ્રેરણા મેળવી વિદ્યા પ્રાપ્ત કરી. ગુરૂદક્ષિણામાં ધનુષ્ય વિદ્યામાં સૌથી જરૂર એવું અંગ જમણા હાથનો અંગુઠો આપી ગુરૂદક્ષિણાનું ઋણ ચુકવનાર ગુરૂનો સાચો મહીમા સમજાવી ગયાં છે. જ્યારે ભગવાન કૃષ્ણ એ ગુરૂ સાંદિપનીનો મહીમા સમજાવી ગયા છે. જ્યારે ભગવાન રામ વશિષ્ઠ ગુરૂ અને બાબા રામદેવજીગુરૂ ગોરખનાથનો મહીમા સમજાવી ગયાં છે.સંત કબીરજીએ કહ્યું છે કે

**ગુરૂ ગોવિંદ દોનો ખડે કાહે લાગું પાય ?**
**બલિહારી ગુરૂ દેવ આપ કી ગોવિંદ દિયો બતાય'**

ગુરૂ અને ભગવાન બંને આપણી સન્મુખ ઉભાં હોય તો પ્રથમ વંદન ગુરૂજીને કરવા જોઈએ. કારણ કે ગુરૂ દ્વારા આપણને ભગવાનનાં દર્શન થયાં છે.શિલ્પી જયારે એક પથ્થરમાંથી મુર્તિનું સર્જન કરે ત્યારે એને ટાંકણા અને હથોડા મારે છે પણ એ ટાંકણા અને હથોડા મારતી વખતે એ સતત કાળજી રાખે છે કે મારી મુર્તી કયાંક ખંડીત ન થઈ જાય. કયાંક વધારે જોરથી ફટકો ના વાગી જાય. એવી જ રીતે ગુરૂની કસોટી અનેક રીતે બહારથી આકરી લાગે પરંતુ એ કસોટી શિષ્યના આત્મામાં અનેરૂં તેજ પ્રગટાવે છે. શિષ્યમાં રહેલી અજ્ઞાનતા રૂપી અંધકાર દુર થાય છે. જગતનું સત્ય સમજાય છે ગુરૂનું કાર્ય જ એ છે કે શિષ્યને જન્મ મરણ, સુખ-દુ:ખ, આધિવ્યાધિમાંથી ઉગારે અને એનો પુર્ણ વિકાસ કરે. ગુરૂ કૃપા વિના પ્રભુ કૃપા મળતી નથી. ગુરૂ એ ઈશ્વર દ્વાર સુધી પહોંચવાનું માધ્યમ છે. ભકત અને ભગવાનને જોડતી કડી છે.

રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરૂ મળતાં સ્વામી વિવેકાનંદ અમર બની ગયાં. ગુરૂ વિના શીષ્યનું જીવન હલેસાં વિનાની નૌકા જેવું છે. ગુરૂ જ સાચો માર્ગ બતાવે છે. પરમ પદની પ્રાપ્તિ માટે અને મોક્ષગતિ એટલે કે જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મેળવવા માટે ગુરૂની આવશ્યકતા છે. સંતોનો સમાગમ આત્માનો ઉધ્ધાર કરે છે. માયા, મમતાથી બંધન છોડાવવા ગુરૂ જરૂરી છે.

**-મંજુ પ્રજાપતિ**

### આવી ચૂંટણીની વસંત

પાંચ વર્ષ પુરાં થવા આવે કે નેતાઓ કરે કોલાહલ
આવે છે રે આવે છે જામશે ચૂંટણીની વસંત
નહીં દેખાયા હોય તેવા ચહેરા દો દે કરે કોલાહલ
કાર્ડ છપાવી પેપરમાં આખી જમાવે ચૂંટણીની વસંત
કોઈ ધંધો માને કોઈ વેપાર માની કરે સટ્ટાનો તોલ
ટીકીટ માટે ફાંફા મારે મીટીંગો કરાવે ચૂંટણીની વસંત
કામગીરીના હક્ક બનાવે અંદરોઅંદર કરે હલ્લાબોલ
ગામડીયાઓને મળવા પાંચ વર્ષે આવે ચૂંટણીની વસંત
વારંવાર કયાં આવવું છે મહીના માટે આપે લોલીપોપ
મને કમને ઘેર ઘેર જઈ ભીખ મંગાવે ચુંટણીની વસંત
સામે જો ઉમેદવાર આવે તો દુ:ખ સાથે મીલાવે હાથ
મનમાં ને મનમાં કચવાટ કરાવે જો હોય ચૂંટણીની વસંત
મોટા મોટા ઝભ્ભા પહેરે નેતાઓ કરાવે મોટો ડોળ
મતદારોને કંઈ આપે નહીં વચેટીયા જણાવે ચૂંટણીની વસંત
ચૂંટાયેલા જ સેવા કરે એવુંખોટું સમજે છે લોક
વીરા પાંચ વર્ષ તો નીકળી જશે ફરી આવશે ચુંટણીની વસંત

**વીરાભાઈ સી.ચાવડા(કાણોદર)**

### વેણુ

નીત સવારે થેલે ભરી પાટી પેનને કાગળ
સખીઓ સાથે સ્કૂલે જાતી વેણુ સૌથી આગળ
પોણા દસે નિશાળ જાવા રોજ તૈયાર થાતી
સુંદર ડ્રેસને પગમાં બુટ માથે રીબીન રાતી
આગલી હરોળ હોય એની બેસતી નહીં પાછળ
જુઠ્ઠું એ તો કદીના બોલે પ્રોગ્રામે પણ આગળ
ભણવામાં તો ખુબ હોંશીયાર નંબર પહેલો લાવે
ગાવામાં તો હંમેશા એ સૌથી આગળ આવે !
જયારે સાંજે આવે ત્યારે લાગે જરા ન થાકે
થોડો નાસ્તો કરીને તરત રમવા પહોંચે બાગે
રાતે ઘડીક ટીવી દેખી ભણવા બેસે બ્હારે
પહેલું દફતર ઠલવી નાખી ઓછું કરતી ભારે
ગુજરાતીને સરસ રીતે ભણાવો મમ્મી પાસે
ગણીત વિજ્ઞાન સમજાવતા નીત પપ્પા રોજ રાત્રે
કયારેક મારી પાસે બેસે કંટાળો ના કરતી
આપું દાખલા સો સો સાથે તોયે હેત ગણતી !
રાત્રે લેશન પુરૂં કરીને પછી જ વાતો કરતી
ફુલ પંખો મુકે ત્યારે મમ્મી ભેગી ઉંઘતી..

**મંગળ રાવળ સ્નેહાતુર**

### વતનની યાદ

વતનની યાદ આવે છે ને ભીની થાય આ આંખો...
એ માનો પ્યાર એ ઘરબારને ભીંજાય આ આંખો !
નથી સંગીતના શબ્દો કે ના કોઈ તાલ બાજે છે
કરીને યાદ ધરતીને હવે તો ગાય આ આંખો!
પળો મીઠી મહોબ્બતની આ કોરી ખાય છેઅમને
વિરહ વૈશાખની મૌસમ હવે તો ન્હાય આ આંખો
મહેક માટીની આવે છે વિદેશીઆ હવા વચ્ચે
મળે છે કોઈ ગુજરાતી અને હરખાય આ આંખો !
દર્દ સાંઈનું સમજે એટલો અહીંયા સમય કોને ?
હવે તું રોકમાં સાંઈ ભલે ઉભરાય આ આંખો ?

**સાંઈરામ દવે**

### શિયાળો શીતલ

વાય છે શીતળ પવન ઠંડો, ઉત્તર દિશાથી આવે છે ટાઢ
લોકો પહેરે ગરમ કપડાં, તાપણાં કરી ઉડાડે છે ટાઢ
લોકો ખાય છે લીલી શાકભાજી, નાના બાળકો થાય રાજી
બોરને જામફળ ખાવાની મજા, શિયાળો શીતલ
પાણી પણ થૈઈ જાય છે બરફ,
રાત્રે કોઈના ફરકે ચકલું ય, સવારે સૂર્યકીરણ
સૌને ગમે શિયાળો શીતલ

**ઠાકોર બાબુભાઈ પી. ધરાધરવાળા**

### નડાબેટ બોર્ડરે ...

પાના નં.૧ ચાલુ

તરફ જતા હતા અને તળાવમાં કાચબા પકડવાની તજવીજ હાથ ધરતા ગ્રામજનોએ તેમને પકડી પોલીસને હવાલે કર્યા હતા. જો કે હું ગાડીનો ડ્રાયવર છુ અને નિર્દોષ છું. મને આ બાબતે કોઈ વધુ માહિતી નથી. જો કે ગ્રામજનોએ પાંચેને પોલીસને સુપ્રત કરતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### દાંતીવાડા ...

પાના નં.૧ ચાલુ

થતા બે યુવાનો બાઈક સાથે કેનાલમાં ખાબકેલ જેની ખબર નાંદોત્રા ગામના તરવૈયાઓને પડતા તાબડતોડ એક યુવાનને શોધખોળ કરી કેનાલમાંથી બહાર કાઢેલ અને ૧૦૮ મારફતે ડીસા સારવાર અર્થે ખસેડેલ જે રાણપુર ગામના રહેવાસી છે અને તેમનું નામ બાબુજી મગનજી ઘાડિયા ઉમર વર્ષ અંદાજિત ૫૦ છે તેમજ બીજા યુવાનની શોધખોળ કરેલ પરંતુ તે મળેલ નહીં જેની શોધખોળ ચાલુ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

### પાલનપુરમાં મોક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કલેકટર કચેરી મા મોક પોલિંગ સ્ટેશન મા વી વી પેટ ની સમજણ માટે ઉભા કરાયેલા પોલિંગ સ્ટેશન મા મતદારો ને સમજણ અપાઈ રહી છે. ત્યારે જોકે સમગ્ર જિલ્લા મા ઝોનલ ઓફિસરો દ્વારા ગામડે ગામડે જઈ માસ્ટર ટ્રેનર્સ વી વી પેટ મશીન નું નિદર્શન ચાલે છે જેનાથી વધુ મા વધુ લોકો વી વી પેટ મશીન થી માહિતગાર થશે.

### દાંતીવાડામાં અનશન...

અનુસંધાન ૩ નુ ચાલુ..

બ્રહ્મ અગ્રણી અંકુરભાઈ જોષી, પરેશભાઈ જોષી, (ભરતભાઈ જોષી પત્રકાર), મીહીરભાઈ પંડ્યા વગેરે બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા રજીસ્ટાર એસ.કે.નગરને રજુઆત કરતા તેઓએ ઉચ્ચ કક્ષાની અમલી કમીટી બનાવી સત્વરે અહેવાલ આપી પંકજભાઈને ન્યાય આપવાની ખાત્રી અપાતા બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા પંકજભાઈ દવેને લીંબુ સરબત પીવરાઈને ઉપવાસના પારણા કરાવેલ. જો કે તેમની તબીયત લથડતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અર્થે હોસ્પિટલ મોકલવામાં આવેલ.

### ડીસાના કંસારી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ દરમિયાન એક શંકાસ્પદ રીનોલ્ટ ક્વિડ કાર નંબર ઈન્ન-૪૬-ઝછ-૧૨૩૨ આવતાં તેની તપાસ કરતા કાર માંથી વિદેશી દારૂની બોટલો કુલ ૨૮ કી. રૂ.૩૨,૦૦૦ મળી આવી હતી.

જેથી પોલીસે દારૂ તેમજ તથા ગાડી કિ. રૂ.૩.૫૦.૦૦૦ અને રૂ.૧૧૦૦૦ ના બે મોબાઈલ માલી એમ કુલ મુદામાલ કિ.રૂ.૩.૮૯.૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો. જ્યારે ગાડીનો ચાલક રાયચંદરામ પ્રેમારામ જાટ ( રહે, ગુંદાઉ પીપલી ઢાની,તા.સાંચોર,જી.જાલોર, રાજ. ) ની અટકાયત કરી તેના વિરુદ્ધ માં ડીસા રૂરલ પોલિસ મથકે મપ્રોહિબિશન એકટ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવેલ છે.

# ફોન છઠ્ઠી ફેબ્રુઆરી સુધી આધાર સાથે જોડવા પડશે

નવીદિલ્હી

મોબાઈલને છઠ્ઠી ફેબ્રુઆરી સુધી આધાર સાથે લિંક કરવાની બાબત જરૂરી છે. સરકાર દ્વારા આ અંગેની સ્પષ્ટ માહિતી આપી દેવામાં આવી છે. જો હજુ સુધી મોબાઈલ નંબરને આધાર સાથે લિંક કરાવવામાં સફળતા મળી નથી તો વહેલીતકે લિંક કરાવી દેવાની જરૂર છે. હજુ સુધી આધાર નંબરને મોબાઈલ ફોન સાથે જોડવામાં આવી નથી તો સતત સંદેશા આવતા હશે. કેન્દ્ર સરકાર પોતાની આ યોજનાને લઈને ખુબ જ ગંભીર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને કહ્યું છે કે, હાલમાં મોબાઈલ ધારકોને છઠ્ઠી ફેબ્રુઆરી સુધી ફોન આધાર સાથે લિંક કરવા માટે મહેતલ આપી છે. સરકારના પ્રયાસ આ દિશામાં સુપ્રીમ કોર્ટ પાસેથી આદેશ પસાર કરી દેવા માટે પણ છે. સરકારે કોર્ટમાં કહ્યું છે કે, તમામ મોબાઈલ ફોન નંબરને ઈ-કેવાયસી વેરિફિકેશન હેઠળ આધાર સાથે લિંક કરવાની બાબત ફરજિયાત છે. આની સાથે જ નવા બેંક ખાતા ખોલાવી દેવા માટે પણ આધાર કાર્ડ જરૂરી છે. ૧૧૩ પાનાની એફિડેવિટમાં સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે, સુપ્રીમ કોર્ટે આ વર્ષે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે લોકનીતિ ફાઉન્ડેશન કેસમાં તમામ મોબાઈલ ફોન નંબરને એક વર્ષની અંદર આધાર સાથે લિંક કરવાની બાબતને ફરજિયાત કરવાને મંજુરી આપી હતી. સરકારે એમ પણ કહ્યું છે કે, આધાર સાથે લિંક ન થવાની સ્થિતિમાં ભૂખમરાના કારણે દેશમાં કોઈનું મોત થયું નથી. એફિડેવિટમાં સરકારે એમ પણ કહ્યું છે કે, મોબાઈલ ફોનને આધાર સાથે લિંક કરવાની સમય મર્યાદા માત્ર સરકાર દ્વારા જ બદલી શકાય નહીં કારણ કે, આને સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી છે.

### વિશ્વભરમાં વોટ્સએપ થોડાક સમય માટે બંધ

નવી દિલ્હી

વોટ્સએપ આજે થોડાક સમય માટે બંધ પડી જતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. જાણિતા મેસેજિંગ એપ વોટ્સએપ દુનિયાભરમાં ડાઉન હોવાના અહેવાલથી બપોરના ગાળામાં મેસેજો આવી રહ્યા ન હતા. આને લઈને વોટ્સએપના લાખો યુઝર મુશ્કેલીમાં મુકાયા હતા. લાખો યુઝર વોટ્સએપના એપ અને વેબ સર્વિસ કામ નહીં કરતી હોવાની ફરિયાદ કરી હતી. ટ્વિટર ઉપર આ અંગેની માહિતી યુઝરો દ્વારા આપવામાં આવી હતી.

# ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે રાજકોટ ખાતે જંગ થશે

રાજકોટ

રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે આવતીકાલે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણી પૈકી બીજી ટ્વેન્ટી મેચ રમાનાર છે. ભારતીય ટીમે હાલમાં જ વનડે શ્રેણીમાં જીત મેળવ્યા બાદ હવે ટ્વેન્ટી શ્રેણી જીતી લેવા માટે પણ સજ્જ છે. પ્રથમ ટ્વેન્ટી મેચમાં ભારતે શાનદાર દેખાવ કરીને ન્યુઝીલેન્ડ ઉપર જીત મેળવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચને લઈને પણ ખુબ આશાવાદી છે. પ્રથમ મેચમાં ભારત તરફથી શિખર ધવન અને રોહિત શર્માએ ધરખમ બેટિંગ કરી હતી. આવતીકાલની મેચમાં પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. બીજી બાજુ પ્રવાસી ન્યુઝીલેન્ડની ટીમ વિલિયમસનના નેતૃત્વમાં વાપસી કરવાના મૂડમાં દેખાઈ રહી છે. પ્રથમ મેચમાં ભારતે જોરદાર બેટિંગ કરીને ૨૦૦થી વધુ રનનો જુમલો ખડક્યો હતો. જીતવા માટેના ૨૦૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૯ રન બનાવી શકી હતી. ન્યુઝીલેન્ડ તરફથી લાથમે સૌથી વધુ ૩૯ રન બનાવ્યા હતા.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૭૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ.** ૩૯૦૦-૩૯૫૦
**ખાંડ એમ.** ૪૦૦૦-૪૦૮૦
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૧૧૦૦
ભીંડા ૪૦૦-૭૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

# નરેન્દ્ર મોદીની પ્રધાનો સાથે ૧૦ નવેમ્બરે મહત્વપૂર્ણ મિટિંગ થશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી નવેમ્બરના દિવસે તમામ પ્રધાનો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજવા જઈ રહ્યા છે. પ્રાપ્ત હેવાલ મુજબ મોદી નવા વર્ષ માટે તમામ પ્રધાનો માટે કઠોર હોમવર્ક તૈયાર કરી રહ્યા છે. તમામ પ્રધાનોને મોદીના આઈડિયા પર અમલ કરવા માટે સ્પષ્ટ સુચના આપવામાં આવનાર છે. આના માટે લક્ષ્ય પણ નક્કી કરવામાં આવી રહ્યા છે. ૧૦મી નવેમ્બરના દિવસે મળનારી બેઠકને લઈને રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. આ બેઠકમાં નવેમ્બરથી જ શરૂ થતા સંસદના શિયાળુ સત્રને લઈને પણ સરકારની તૈયારીની સમીક્ષા કરવામાં આવશે. સાથે સાથે આ અંગે પ્રધાનોને માહિતી આપવામાં આવનાર છે. બેઠકમાં આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીના એક વર્ષ પૂર્ણ થવાને લઈને સમીક્ષા પણ કરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે સરકાર આઠમી નવેમ્બરના દિવસે એન્ટી બ્લેક મની ડે મનાવવાનો નિર્ણય કરી ચુકી છે. પીએમઓએ આ બેઠક પહેલા જ તમામ પ્રધાનોને સાફ શબ્દોમાં કહ્યુ છે કે કાર્યકાળની બાકીની અવધિ દરમિયાન માત્ર એક્શન રહેશે. હવે કામને ટાળવાની કોઈ સ્થિતી નથી.

માર્યા ગયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત

## ઓપરેશન ઓલ આઉટ : માત્ર છ માસમાં ૮૦ ત્રાસવાદીઓ ફુંકાયા

**સેનાના ઓપરેશનને મોટી સફળતા મળી : હજુય ૧૧૫ ત્રાસવાદીઓ સક્રિય હોવાના હેવાલ : ત્રાસવાદીઓના ગઢ શોપિયાનમાં સેનાનુ ધ્યાન કેન્દ્રિત થયુ**

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં સેનાએ ત્રાસવાદીઓ સામે હાથ ધરેલા ઓપરેશન ઓલઆઉટને હજુ સુધી મોટી સફળતા હાથ લાગી છે. આ ઓપરેશનના ભાગરૂપે ભારતીય સેનાએ છ મહિનાના ગાળામાં જ ૮૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે અને તેમના હથિયારોનો જથ્થો જપ્ત કરી લીધો છે. સેનાએ મોટી સફળતા હાથ ધરતી વેળા તેના પણ કેટલાક જવાનો શહીદ થયા છે. સેનાએ કહ્યુ છે કે ત્રાસવાદીઓના ગઢ દક્ષિણી કાશ્મીરમાં હજુ સુધી ૧૧૫ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ કોઈ મોટા હુમલાને અંજામ આપી શકે છે. તેમની ગતિવિધી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાલમાં સક્રિય રહેલા ત્રાસવાદીઓમાં આશરે ૧૦૦ સ્થાનિક ત્રાસવાદીઓ છે. જ્યારે ૧૫ વિદેશી ત્રાસવાદીઓ છે. ગુરૂવારના દિવસે ત્રાસવાદીઓ સાથે એન્કાઉન્ટરમાં સેનાના બે જવાનો શહીદ થયા હતા. પંપોરની પાસે સામબોરા ગામમાં થયેલી આ અથડામણમાં એક ત્રાસવાદી પણ ઠાર થયો હતો. આવી જ રીતે બે ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ કરી લેવામાં આવી છે. તે જેશનો બદર તરીકે ઓળખાયો છે. સેનાની વિક્ટર ફોર્ટના જીઓસી (જનરલ ઓફિસર કમાન્ડિંગ) દ્વારા મિડિયા સાથે વાતચીત કરતા કહ્યુ છે કે સેનાએ છેલ્લા છ મહિનામાં ૮૦ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. કાશ્મીરમાં ઓપરેશન ઓલઆઉટ હેઠળ સેના હજુ સુધી દક્ષિણ કાશ્મીરમાં જેહાદીઓના અંતિમ ગઢને ખતમ કરવામાં લાગેલી છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાન જિલ્લાને ત્રાસવાદીઓના સુરક્ષિત ગઢ તરીકે ગણવામાં આવે છે.

## રોહિતે ટી-૨૦માં સૌથી વધુ ભારત તરફથી એલબીડબલ્યુ આઉટ થવાનો રેકોર્ડ બનાવ્યો

ટીમ ઈન્ડિયાનો 'હિટમેન' રોહિત શર્મા લાંબા-લાંબા સિક્સ ફટકારવા માટે જાણીતો છે. તે જ્યારે પણ ગ્રાઉન્ડ પર બેટિંગ કરવા ઉતરે છે, તે ટીમ ઈન્ડિયાને શાનદાર શરૂઆત અપાવાની સાથે-સાથે ઘણા રેકોર્ડ પણ પોતાના નામે કરી લે છે. પરંતુ ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાઈ રહેલી ટી-૨૦ સીરીઝની બીજી મેચમાં રોહિત કંઈ ખાસ કરી શક્યો નહતો. રોહિત શર્મા માત્ર ૦૮ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. આઉટ થતાંની સાથે જ તેના નામે એક એવો રેકોર્ડ નોંધાઈ ગયો જેને કોઈ તોડવા માંગશે નહી.

રોહિત આંતરાષ્ટ્રીય ટી-૨૦માં ભારતની તરફથી સૌથી વધારે વખત ન્મ્ઉ આઉટ થનાર ખેલાડી બની ગયો છે. બેહરેનડોર્ફે રોહિતને એલબીડબલ્યુ આઉટ કર્યો તેવો જ અનિચ્છનિય રેકોર્ડ તેના નામે નોંધાઈ ગયો હતો. રોહિત અત્યાર સુધી આંતરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં કુલ ૫ વખત એલબીડબલ્યુ આઉટ થઈ ચૂક્યો છે અને આની સાથે જ તેમને શિખર ધવનને (૪) પાછળ છોડી દીધો હતો.

જણાવી દઈએ કે, બંને ખેલાડી ટીમ ઈન્ડિયા માટે ઓપનિંગ કરે છે. ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રોહિત બીજી ટી-૨૦માં પોતાનો ઝલવો બતાવી શક્યો નહતો અને સસ્તામાં આઉટ થઈને પેવેલિયન પાછો ફર્યો હતો. ગુવાહાટીમાં ભારતને ઓસ્ટ્રેલિયાએ ૮ વિકેટથી હરાવી દીધું અને સીરીઝને ૧-૧ની બરાબરી પર પહોંચાડી દીધી હતી.

## કોહલી-રોહિત:બીજી વિકેટની ભાગીદારીનો વિરાટ રેકોર્ડ

(હિં.સ.) કાનપુર

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે સીરીજની અંતિમ અને ત્રીજી વનડેમાં ટીમ ઈન્ડિયાના સુકાની વિરાટ કહોલીએ અનેક ઉપલબ્ધીઓ પોતાના નામે કરી છે. વિરાટ કોહલી અને રોહિત શર્માએ બીજી વિકેટ માટે ૨૩૦ રનની ભાગીદારી કરી એક વધુ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. આ બંન્ને બેટસમેનોની શાનદાર શતકીય ઈનિંગ્સને કારણે ભારતે કાનપુરમાં રમાયેલ ત્રીજી નિર્ણાયક મેચમાં ન્યુઝીલેન્ડને જીતવા માટે ૩૩૮નો લક્ષ્યાંક આપ્યો હતો. જે ન્યુઝીલેન્ડની ટીમ પુરો કરી શકી ન હતી.

આ મેચમાં રોહિત ૧૪૭ રન અને કોહલી ૧૧૩ રનની બીજી વિકેટ માટે ૨૩૦ રનની ભાગીદારી કરી અને વનડે ક્રિકેટમાં ચાર બેવડી શતકીય ભાગીદારી કરનાર દુનિયાની પહેલી જોડી બની. વિરાટ અને રોહિતે સૌરવ ગાંગુલી સચિન તેંડુલકર,ગૌતમ ગંભીર વિરાટ કહોલી અને મહેલા જયવર્ધને ઉપુલ થરંગાની વચ્ચે ત્રણ ત્રણ બેલડી શતકીય ભાગીદારીનો રેકોર્ડ તોડી નાખ્યો.

કોહલીની આ ૨૦૦મી અથવા તેનાથી વધુ રનની કુલ ૧૧મી ભાગીદારી હતી અને એ પણ વિશ્વ રેકોર્ડ છે.

### સખી કવિતા

કવિતા તને પામવા ઘુમું વનવગડે
આ તરણાંનો હાથ તું ઝાલે તો સારૂં સખી !
તારા સ્મરણમાં હું રાતો ગુજારતો
જરા જયોત સમી તું પ્રકાશે તો સારૂં સખી !
કલ્પનાના મહેલોમાં મ્હાલતાં તુજ સંગે
નવ પ્રેરણાના પીયુષ પાએ તો સારૂં સખી !
શત શત ગુલોના ભર્યા ગુલશનમાં,
વનપુષ્પની યે ફોરમ તું માણે તો સારૂં સખી !
ઝંખના પુરી થાય તને પામવાની
લઘુ કવનમાં મારા આવી વસે તો સારૂં સખી !
મારી કલમે કંડારાતા શબ્દોની તું
કુમળી કવિતા થાય તો સારૂં સખી !

નટવર હેડાઉ

### ભાણરસ !

ભાણ ઉગ્યો છે પુર્વમાં સિંહાસન સોનાનાં
નિશા ભાગી તે ભયથી નથી કામ પોતાનાં
જન જનાવર વૃક્ષે નવા પ્રાણ પુરાયા
કરવું આજે સવાયું દિલે નાદ સુરાયા !
બાલ નારને યુવાઓ અબાલ વૃદ્ધલોકો
વદે તે અતી ઉમંગે ઉદ્યમી છે આ મોકો !
શિક્ષા દિક્ષા શ્રેષ્ઠ લઉં પ્રાપ્ત કલાએ પુરો
શીખ સારસ્વત આપે દેશપ્રેમે હું શુરો !
ના મને સુરતા મળી કાં ના ઉતરે ગોટી !
વણપરસેવો પાડે,લે ધરાઈ તે રોટી
ભાણથી એ અજાણ છે ઉગે કદી તે વ્યર્થ !
પીધો ના તે ભાણરસ છે આયખું અનર્થ!

મશરૂ પ્રજાપતી

### પાણી પાણી...!!

તું લખ વાદળ વાદળ અહીંયાં હું લખું પાણી પાણી
હોજ હવાડા ખાલી ખાલી આકુળ વ્યાકુળ પ્રાણી પ્રાણી
મકાન સુંદર સુંદર કેવાં, ભપકાં કેવા ભારે ભારે
પથ્થર કેરા જગમાં લોકો જીવે પગને તાણી તાણી
જ્ઞાન તણી પરબો મંડાણી પરબે પરબે લેતી દેતી
શિક્ષક, નેતા વાલી સૌની લાગે પોકળ વાણી વાણી
માનવને માનવની માયા ને શત્રુ માનવ માનવનો
ગાંધીના ગુજરાતમાં મિત્રો સિદ્ધાંતો સૌ ધાણી ધાણી
તું ખા ને ખાવા દે સૌને સાચવ આ વ્યવહાર જગતનો
જોને યુસુફ આ વગડામાં કાગ ને ચીલને લ્હાણી લ્હાણી..

યુસુફ ગુંજાવી

### તેરા દિવાના

બિના તેરે જી ના પાયેંગે હમ
તેરી પરછાઈ બન કેજીંદગી બીતાયેંગે હમ
દુર મુજ સે જાને કી સોચના ભી મત
તેરે ઈતને સોચને સે હી મર જાયેંગે હમ
કેહ કર અપના રૂખ હમ મોડતે નહીં
કર કે વાદા હમ તોડતે નહી
જીસસે ભી તેરી કર લેતે હૈ મહોબ્બત એક બાર
ઉસ કો હમ મરતે દમ તક છોડતે નહીં
કોઈને પ્રેમની ખબર નથી હોતી
તો કોઈને પ્રેમની અસર નથી હોતી
બહુ ઓછાને મળે છે સાચો પ્રેમ આ જગતમાં
પણ મળે છે તેને પ્રેમની કદર નથી હોતી

સંકલન :રબારી પ્રવિણકુમાર વેલાભાઈ
(નાનાકાપરા)

### નવસર્જનનું સપનું

જંગલમાં ખીલ્યો તો તડકો હુંફાળો ને
વનની કુંજ કુંજ વાતા વાયરાને અમે જોયો
જંગલમાં મંગલ એક કામ અમે જોયું ને,
પ્રગતિની દિશાને જાણે સૌએ પહેચાની
નાની સિંચાઈ માટે તળાવ મોટું એક
જાસોરના ડુંગરો વચ્ચે બંધાતું જોયું
હડમતીયા તળાવની કાયાપલટ જોઈને
ઢંઢોળી જાગૃત કરેલ વિસ્તાર અમે જોયો
કુદરતે વેરી છે જ્યાં સુંદરતા સોહામણી
આંખ ઠારે તેવું એ સૌંદર્ય અમે જોયું
આધુનિક વિજ્ઞાનને હંફાવતી કુદરતને
ફુટતી નીર સરવાણીઓમાં અમે જોઈ
શ્રમની મહેકનાં અજોડ સંભારણાં
શ્રમજીવીના પ્રસ્વેદ બિંદુને અમે જોયાં
માટીની સાથે મથતા એ માનવીઓના
નવસર્જનનાં સપનાં સાકાર થતાં અમે જોયાં

નટવર હેડાઉ

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :.........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: .............................................................
સરનામુ : ...........................................................
મોકલનારની સહી : ...............................................